વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ માર્ચ-એપ્રિલ, ૨૦૨૬
વર્ષ : ૫૧ ● અંક : ૩-૪




## શ્રીહરિના સંકલ્પ શિલ્પોના આદર્શ શિલ્પી

# શ્રીહરિ સંકલ્પ મહોત્સવ ઉપક્રમે

## Divine Discipline

(માર્ચ માસના સંકલ્પો)

### દિવ્યદૃષ્ટિ

દર અઠવાડિયે પરિવારના સભ્યોએ ભેગા થઈને ક્ષમાયાચના દિન કરવો.
(માફી માગવી, દંડવત કરવા, પંચાંગ પ્રણામ કરવા, ચંદન અર્ચન કરવું, સમૂહભોજન કરવું.)

### જનરલ શિસ્ત

ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્ય દિન નિમિત્તે ગુરુદેવના જીવનમાં દર્શન થતો ચોકસાઈનો ગુણ કેળવીએ. જે વસ્તુ જ્યાંથી લીધી હોય, જેમની પાસેથી લીધી હોય, જેટલા સમય પૂરતી લીધી હોય તે પ્રમાણે ચોકસાઈ રાખી યથાસ્થાને પરત કરીએ.


ઘનશ્યામ
૧૦ માર્ચ-એપ્રિલ, ૨૦૨૬ ● વર્ષ : ૫૧ ● અંક : ૦૩-૦૪

GHANSHYAM
10 March-April, 2026 • Year : 51 • Edition : 03-04


**અનુક્રમણિકા...**


૦૩ દિવ્યવાણી
૦૬ ગુરુદેવ પ.પૂ. બાપજી 'એક આદર્શ શિલ્પી'
૦૮ આપ્યો ચારિત્ર્યનો આકાર
૧૧ આપ્યો ભક્તપણાનો આકાર
૧૪ આપ્યો સાધુતાનો આકાર
૧૮ આપ્યો સિદ્ધાંતનો આકાર
૨૨ આપ્યો વ્યવહારકુશળતાનો આકાર
૨૫ શિલ્પીએ આપ્યા આદર્શ શિલ્પી



પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ,
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૩૮૨૪૨૧
Visit us : www.smvs.org Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૪૦ + ૪ ટાઈટલ = ૪૪

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.


'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.



# દિવ્યવાણી

**(તા. ૧-૨-૨૦૨૬ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત)**

તા. ૧-૨-૨૦૨૬ના રોજ પૂનમ સભામાં વ્હાલા ગુરુજીએ વિશેષ લાભ આપ્યો હતો તેને વાગોળીએ. શ્રીહરિના પ્રતાપે આપણને જે અલૌકિક જોગ મળ્યો છે તેમાં સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનના સંબંધે જે આનંદ અને મોજ વર્તે છે તે અજોડ છે. શ્રીજીમહારાજ મળ્યા, એમની મૂર્તિમાં અખંડ રહેનારા મોટાપુરુષ મળ્યા, ત્યારે હવે જીવનમાં કોઈ પ્રકારની ખોજ બાકી રહેતી નથી. આ દિવ્ય માહોલમાં આપણે સૌ ‘આનંદમાં રહો, સદા આનંદમાં રહો’ના મંત્રને આત્મસાત્ કરી રહ્યા છીએ. પરંતુ પ્રશ્ન એ થાય છે કે જ્યારે આવો દિવ્ય જોગ મળ્યો હોય ત્યારે પણ આ મોજ અને આનંદ કાયમ કેમ ટકતાં નથી ? ગઢડા મધ્ય પ્રકરણનું ૩૭મું વચનામૃત આ મૂંઝવણનો સ્પષ્ટ અને સચોટ ઉત્તર આપે છે. મહારાજે ત્યાં જણાવ્યું છે કે સત્સંગમાં કે વ્યવહારમાં દુ:ખી થવાનું મૂળ કારણ મનુષ્યનો પોતાનો સ્વભાવ છે.


જેમ સારામાં સારું ભોજન બનાવ્યું હોય અને તેમાં જો એક ઝેરનું ટીપું પડે તો તે આખું ભોજન ઝેર કરી નાખે છે. તેમ આવા દિવ્ય માહોલમાં આપણી મોજ અને આપણો આનંદ જો કોઈ બગાડતું હોય તો તે બીજું કોઈ નહિ પણ આપણો પોતાનો સ્વભાવ છે. સ્વભાવ એ માત્ર વ્યક્તિ પૂરતો મર્યાદિત નથી, તે આખા પરિવારમાં હોળી પ્રગટાવે છે. વ્યક્તિ વ્યક્તિના સ્વભાવ જ્યારે ટકરાય છે ત્યારે વંટોળ સર્જાય છે.

મહારાજે પ્રશ્ન પૂછ્યો છે કે, શાસ્ત્રોનું જ્ઞાન હોય, વ્યક્તિ જ્ઞાની હોય, બીજાને ઉપદેશ આપતી હોય, છતાં જ્યારે સમય આવે ત્યારે તે પોતાની પ્રકૃતિ (સ્વભાવ) મુજબ જ વર્તન કેમ કરે છે ? તે સમયે તેને શાસ્ત્રનો નિગ્રહ કે જ્ઞાન કેમ કામ આવતાં નથી ? કારણ છે સ્વાભાવિક પ્રકૃતિ. જે નથી કરવું હોતું તોપણ થઈ જાય એનું નામ સ્વભાવ. ઘણા લોકો સત્સંગમાં વર્ષોથી હોય, વાતો મોટી કરતા હોય પરંતુ જ્યારે તેમનું માન ઘવાય કે ધાર્યું ન થાય ત્યારે તેઓ સામાન્ય માણસની જેમ જ વર્તે છે. આ સમસ્યાનું મૂળ કારણ દેહાભિમાન અને મનધાર્યું કરવાનો સ્વભાવ છે. જ્યાં સુધી વ્યક્તિને એવું લાગે છે કે, 'હું કંઈક છું, મારું જ સાચું અને મારું ધાર્યું જ કરવું છે' ત્યાં સુધી સત્સંગનું સાચું સુખ મળતું નથી. જીવના સ્વભાવ એવા અવળા હોય છે કે પોતે તો દુઃખી થાય છે પણ મોક્ષના દાતા એવા મોટાપુરુષને પણ દુઃખી કરે છે.

આ સ્વભાવો ટાળવા એ જીવનનું સૌથી મોટું ઑપરેશન છે અને તેના માટે કોઈ સામાન્ય ડૉક્ટર નહિ, પણ સર્જન એવા મોટાપુરુષની જરૂર પડે છે. સ્વભાવોનો જો કોઈ રાજા હોય તો તે છે દેહાભિમાન અને પોતાનું મનધાર્યું કરવાનો સ્વભાવ. મનમુખીપણું એ જીવને પાયમાલ કરી નાખે છે. સત્સંગને, પરિવારને, મેળવેલા રાજીપાને તારાજ કરી નાખે છે. સ્વભાવ ટાળવાની અકસીર દવા છે સત્પુરુષમાં પ્રીતિ અને તેમને રાજી કરવાનો વિચાર. જ્યારે આપણને એમ થાય કે, 'મારે મારા ગુરુને કે ભગવાનને રાજી કરવા છે' ત્યારે આપોઆપ આપણું મનધાર્યું ગૌણ થઈ જશે અને અણધાર્યાં પરિણામો આવશે.

જે વ્યક્તિ પોતાનું મનધાર્યું કરે છે તેને વિનાશક અને ભયંકર પરિણામો ભોગવવાં પડે છે. પછી તે સાધુ હોય કે હરિભક્ત હોય પણ જ્યારે પોતાનું મનધાર્યું કરે છે ત્યારે તેનું પરિણામ કેવું ભયાનક આવે છે ! તેને આ દૃષ્ટાંતો દ્વારા વિગતે સમજીએ.

ઈ.સ. ૨૦૦૧માં નેપાળમાં ક્રાઉન પ્રિન્સ દીપેન્દ્રવીર વિક્રમ શાહે પોતાનું મનધાર્યું કરવા જતાં આખા શાહી વંશનો નાશ કરી નાખ્યો. તે ઘટના માનવ ઈતિહાસની એક ભયંકર ચેતવણી છે. માત્ર એક લગ્નના નિર્ણયમાં માતાપિતાની આજ્ઞા લોપીને પોતાનું ધાર્યું કરવાના હઠાગ્રહે નિર્દોષોનાં લોહી વહેવડાવ્યાં અને અંતે સર્વનાશ નોતર્યો. આ કોઈ વાર્તા નથી, પણ સ્વભાવના પરિણામનો પ્રત્યક્ષ પુરાવો છે. જ્યારે મનુષ્ય પોતાના અહંકાર અને ક્રોધને વશ થાય છે ત્યારે તે વિવેક ગુમાવી દે છે. સત્સંગમાં પણ જ્યારે જીવ પોતાનું ધાર્યું કરવામાં મચી પડે છે ત્યારે તે ભગવાન અને મોટાપુરુષના રાજીપાથી જોજનો દૂર ફેંકાઈ જાય છે. આ મનધાર્યું કરવાનો સ્વભાવ એ અહંકારની પેદાશ છે. જે આપણને સરળ થવા દેતો નથી. માટે પોતાનું ગમતું મૂકીને ગુરુમુખી થઈએ. 'મને ગમે તે સાચું એમ નહિ, પણ મારા પ્રભુને અને મારા ગુરુને જે ગમે તે જ સાચું' – આ સમજણ જ સ્વભાવ ટાળવાનો શ્રેષ્ઠ ઉપાય છે.



વર્તમાનકાળે પણ આપણા એસ.એમ.વી.એસ. પરિવારોમાં આવાં પરિવર્તનો જોવા મળે છે જે સત્સંગની તાકાત બતાવે છે. ગાંધીનગરમાં રહેતા જિગ્નેશભાઈ અને તેમના પરિવારમાં જે ક્ષમાયાચના અને મોટાને રાજી કરવાના સંકલ્પથી પરિવર્તન આવ્યું છે તે પ્રેરણાદાયી છે. પંદર વર્ષ સુધી જે ઘરમાં માત્ર ઉદ્વેગ, અશાંતિ અને ક્લેશને જ સ્થાન હતું. જ્યાં મનધાર્યું કરવાના સ્વભાવે ઘરને વેરવિખેર કરી દીધું હતું, ત્યાં આજે અક્ષરધામ જેવી શાંતિ વર્તાઈ રહી છે. જ્ઞાનસત્ર પછી તેમનાં ઘરનાં મહારાજે સંકલ્પ કર્યો કે, 'ગમે તે થાય પણ મહારાજ અને મોટાને રાજી કરવા જ છે.' જ્યારે રાજીપાની ભૂખ જાગે છે ત્યારે પર્વત જેવા સ્વભાવો પણ રેતીના ઢગલાની જેમ ખરવા લાગે છે. ભોજનના રસાસ્વાદ માટે જે વ્યક્તિ ઘરમાં કંકાશ કરતી હતી, તેણે રાજીપા ખાતર પોતાનો એ પ્રિય સ્વાદ પણ ત્યજી દીધો. આને કહેવાય મહિમા. એવી જ રીતે નરોડાના શૈલેશભાઈ જેમનો તામસી સ્વભાવ, જેનાથી ઘરના સભ્યો ફફડતા હતા. તે આજે દાસત્વ અને સેવાભાવમાં પલટાઈ ગયો છે. જ્યારે રાજીપાનો વિચાર જાગે છે ત્યારે તેની તામસી પ્રકૃતિ શાંત થઈ જાય છે. આ ચમત્કાર કોઈ જ્યોતિષ કે દોરાધાગાનો નથી. પણ મોટાપુરુષને રાજી કરવાના વિચારથી કેવું પરિવર્તન આવે છે તેનો છે. અને રાજીપાનો વિચાર આવે એટલે મોટાપુરુષની કૃપા અને કરુણાનું પૅકેજ શરૂ થઈ જાય.

સ્વભાવની જો આડાઈ છોડવામાં ન આવે તો સાધુ થયા પછી પણ રાજીપાના માર્ગે આગળ વધી શકાતું નથી. સદ્. સુખાનંદ સ્વામીને વિચાર આવ્યો કે મારે મારા પૂર્વાશ્રમના માતાપિતાને સત્સંગ કરાવવો છે. વિચાર સારો હતો. પણ સાધુના ધર્મ પ્રમાણે વતનની મમતા ન રખાય. તેથી મહારાજે ના પાડી અને બીજા સંતોને મોકલવાની ખાતરી આપી. છતાં સ્વામીમાં મનધાર્યું કરવાની વૃત્તિ જાગી. મહારાજે ચેતવ્યા હતા કે તમે તેમને મળી નહિ શકો. પરિણામ એ આવ્યું કે ઉજ્જૈનમાં બીમાર પડ્યા અને રસ્તામાં જ દેહ છોડવો પડ્યો. મહારાજની આજ્ઞા લોપીને કોઈ ક્યારેય સુખી થતું નથી. ભલે તેઓ સાધુ હતા, ભલે મહિમાની

વાતો કરતા હતા. પણ જ્યારે પોતાના ગમતાનો ત્યાગ કરવાની વાત આવી ત્યારે તેઓ કાચા પડ્યા. સાધુ થવું સહેલું છે પણ સાધુતા આવવી અને સ્વભાવ ટાળવો એ હિમાલય ઓળંગવા કરતાં પણ કઠણ છે.

બીજું એક હૃદયદ્રાવક ઉદાહરણ ભગવાનાનંદ સ્વામીનું છે. જેમને મહારાજ લાડમાં 'કીડીસખી' કહેતા. સદ્. પ્રેમાનંદ સ્વામી જેવા મહાન સંતના તેઓ જોડીદાર હતા અને તેમનો કંઠ બહુ મધુર હતો.

એક દિવસ તેમણે રસ્તા પર એક ગાયિકાને ગાતી જોઈ અને લોકો તેની પર પૈસા ઉછાળતા હતા. ભગવાનાનંદ સ્વામીના મનમાં પોતાની કળાનું માન જાગ્યું. તેમને કુવિચાર આવ્યો કે, 'મારી પાસે આટલી વિદ્યા છે. જો હું ગાયકવાડ સરકાર જેવા રાજા પાસે જઈને ગાઉં તો મને પાંચ-પચ્ચીસ ગામ ઈનામમાં મળી જાય.' મહારાજ અંતર્યામી હતા. મહારાજે તેમને રોક્યા અને કહ્યું, "સ્વામી, તમે હાથી ઉપરથી ઊતરીને ગધેડા પર બેસવા જાવ છો. તમે આવો યોગ છોડવાનો વિચાર કરો છો ?" મહારાજે ચેતવ્યા કે, "સ્વામી, તમારો સંકલ્પ પૂરો નહિ થાય અને પાછળથી પસ્તાવું પડશે." પણ માન અને લોભ જ્યારે ભેગાં થાય ત્યારે વિનાશ નોતરે છે. ભગવાનાનંદ સ્વામી સત્સંગ છોડીને ગયા. પરિણામ..? રસ્તામાં ઝેરી જંતુ કરડ્યું અને તેમને રક્તપિત્તનો (રક્ત કોઢનો) રોગ થયો. હાથની આંગળીઓ ખરી ગઈ, નાકમાં નાસૂર થયું અને અવાજ બેસૂરો થઈ ગયો. જે કંઠના અભિમાનમાં તેઓ ગયા હતા, તે કંઠ જ ભગવાને લઈ લીધો. અંતે વડોદરાના રસ્તા પર ભીખ માગવી પડી. જ્યારે સદ્. ગોપાળાનંદ સ્વામી ત્યાંથી નીકળ્યા ત્યારે સ્વામીને ઓળખ્યા અને તેમણે રડતાં રડતાં પશ્ચાત્તાપ કર્યો, "સ્વામી, મનધાર્યું કરવામાં હું પાયમાલ થઈ ગયો."


દીનાનાથ ભટ્ટ જેવા પ્રખર વિદ્વાનને પણ જ્યારે પોતાના પાંડિત્યનું માન આવ્યું ત્યારે તેમને અભણ એવા મયારામ ભટ્ટની ઈર્ષ્યા આવી. મહારાજે શિક્ષાપત્રીમાં મયારામ ભટ્ટનું નામ લખ્યું તે વાત દીનાનાથ ભટ્ટના અહંકારને ખૂંચી. પરિણામે મહારાજનો અભાવ આવ્યો અને સત્સંગ છોડી દીધો. જ્ઞાની હોવા છતાં પોતાની દીકરી જમનાને બ્રહ્મરાક્ષસ વળગ્યો ત્યારે તેમની કોઈ વિદ્યા કામ ન આવી. સાત સાત વર્ષ સુધી દુઃખ ભોગવ્યું. પણ જ્યારે હારીને મહારાજ પાસે આવ્યા અને જેમની ઈર્ષ્યા કરી હતી તેવા મયારામ ભટ્ટના હાથ ધોયેલું પાણી પોતાની દીકરીને પિવડાવ્યું ત્યારે જ તેનો છુટકારો થયો.

આ પ્રસંગ આપણને સાવચેત કરે છે કે ભગવાનના ભક્તનો અપરાધ અને સ્વભાવની આડાઈ જીવને નરક જેવું દુઃખ આપે છે. આપણે પણ જીવનમાં તપાસવું જોઈએ કે ક્યાંક આપણો સ્વભાવ બીજાને દૂભવતો તો નથી ને ? જો આપણે સત્સંગમાં આવ્યા પછી પણ સરળ ન થઈ શકીએ તો આપણી ભક્તિ અધૂરી છે. મોટાપુરુષ સાથે પ્રીતિ એ જ છે કે એમના વચને આપણો સ્વભાવ બદલાય. રોકટોક કરવાનું લાઈસન્સ આપણે ગુરુને આપવું જોઈએ.

જીવનમાં જે કાંઈ દુઃખ છે તે સ્વભાવને કારણે જ છે. ઘણી વાર આપણે જ્યોતિષ કે નડતરનાં બહાનાં હેઠળ ભૂલોને છુપાવીએ છીએ. પણ ખરેખર નડતરરૂપ આપણો સ્વભાવ જ છે. દક્ષિણ દિશાનું બારણું કે ઉત્તર દિશાનું બારણું બદલવાથી સુખ નથી આવતું પણ સ્વભાવનું બારણું બદલવાથી જ મૂર્તિનું સુખ મળે છે. અને આવા સ્વભાવે કરીને મહારાજ અને મોટાપુરુષની આંતરડી ક્યારેય ન કકડે તેનું ધ્યાન રાખવું. જ્યારે મનુષ્ય પોતાના દેહાભિમાનને ઓગાળીને ગુરુના ચરણોમાં સમર્પિત થાય છે ત્યારે જ તેના જીવનમાં વસંત ખીલે છે.

આ રાજીપાના વિચારે કરીને ગમે તેવો પથ્થર જેવો સ્વભાવ હશે તોપણ જરૂર ટળી જશે. મહારાજ અને મોટાપુરુષના રાજીપાની ભૂખ જગાવીએ. જેથી સદાય મોજ અને આનંદમાં રહી શકાય. સ્વભાવ ટાળવા એ કાંઈ એક દિવસનું કામ નથી. તે નિરંતર અભ્યાસ અને મોટાપુરુષના સાંનિધ્યથી શક્ય બને છે. આપણી એક એક ભૂલને સુધારવા માટે ગુરુજી કેટલી મહેનત કરે છે. તેનો જો આપણે વિચાર કરીએ તો આપણને આપોઆપ નિર્માની થવાનું મન થાય. સદ્. સુખાનંદ સ્વામી અને કીડીસખી જેવા સમર્થ સંતો જો સ્વભાવને કારણે થાપ ખાઈ ગયા હોય તો આપણે તો બહુ સાવધાન રહેવાની જરૂર છે.

અંતે, આપણે સૌ એક મક્કમ સંકલ્પ કરીએ કે મારે મારો સ્વભાવ ટાળવો છે અને મહારાજ અને મોટાપુરુષને રાજી કરવા છે. જે દિવસે આ વિચાર દૃઢ થશે તે દિવસથી આપણા ઘરમાં શાંતિનો અનુભવ થશે. જેમના પ્રતાપે આપણે સુખી છીએ તેમના ઉપકારોને ક્યારેય ભૂલીએ નહીં. આપણી પાસે જે કંઈ વિદ્યા, બુદ્ધિ કે સંપત્તિ છે તે બધું મોટાપુરુષની કૃપાનું જ પરિણામ છે. જો આપણે આ વાત યાદ રાખીશું તો ક્યારેય અભિમાન નહિ આવે. આ સત્સંગનો આનંદ સદાય ટકી રહેશે અને આપણે સૌ રાજીપાના માર્ગે અવિરત ચાલતા રહી શકીશું.



મોટાપુરુષના સંગ અને રાજીપાથી જ સ્વભાવો ટળે છે.





શિલ્પીનું નામ પડે ત્યારે ટાંકણું અને હથોડી લઈને પથ્થરને કંડારતા સોમપુરા નજર સમક્ષ દેખાય. શિલ્પી અણઘડ, ઘાટઘૂટ વગરના પથ્થર પર પોતાની પરિકલ્પનાની મૂર્તિ દોરે છે. પછી ટાંકણું અને હથોડી લઈ પ્રથમ ઘા કરવાનું શરૂ કરે છે. જો પથ્થર શિલ્પીના ટાંકણા અને હથોડીના ઘા ખમે તો તે પથ્થર મટી મૂર્તિ બની જાય. અનંત માટે દર્શનીય અને પૂજનીય બની જાય.

આ વાત થઈ તે તો પાષાણ શિલ્પીની છે. તે જડ પથ્થરમાંથી મૂર્તિ બનાવે છે. જ્યારે સત્પુરુષ એ ચૈતન્યના શિલ્પી છે. જે માયાના વગળને દૂર કરીને ચૈતન્યને શુદ્ધ કરી મૂર્તિરૂપ પાત્ર કરે છે. આપણે એસ.એમ.વી.એસ.નો સમગ્ર સમાજ અતિ કૃપાવંત છીએ કે આપણને ગુરુદેવ પ.પૂ. બાપજી જેવા ચૈતન્યના શિલ્પી મળ્યા છે. જેમણે પથ્થર જેવા જડ અને માયાથી ખરડાયેલા જીવોને ઘડી ઘડીને આદર્શ ભક્ત અને આદર્શ મુક્તની પંક્તિમાં બેસાડ્યા છે. ગુરુદેવ પ.પૂ. બાપજીએ જોગમાં આવનાર અનેક મુમુક્ષુને ઘડવા કરુણાનું ટાંકણું તથા જ્ઞાનની હથોડી લઈ તેમનામાંથી અહંકાર, દોષો, દુર્ગુણો તથા માયાવી પડળો દૂર કર્યાં છે. અને વ્યવહારકુશળતાનો, ચારિત્ર્યનો, સંસ્કૃતિનો, ભક્ત અને સાધુપણાનો, સિદ્ધાંતોનો સુંદર આકાર આપ્યો છે.

“નહોતો આકાર કોઈ નહોતી કોઈ ઓળખ, માયાના પડળોમાં ડૂબેલી હતી આ પરખ;
હથોડી જ્ઞાન કેરી ને લીધું કરુણાનું ટાંકણું, ઘડ્યા છે મુમુક્ષુ એવા જેની વાત શું કહું;
પાષાણ જેવા જીવોને જેણે પરમપદ પમાડ્યા, એવા શિલ્પી ગુરુદેવે પરભાવી માર્ગ ઉઘાડ્યા.”

ગુરુદેવ પ.પૂ. બાપજીએ મુમુક્ષુને ઘડી ઘડીને જીવંત મૂર્તિઓ બનાવી છે. તેઓએ વ્યસનીનાં વ્યસનો છોડાવી સાચા ભક્ત બનાવ્યા છે. ક્રોધિતને જળ સમાન શાંત-નિર્મળ બનાવ્યા છે. નર્યા અહમ્-મમત્વ અને સ્વાર્થવૃત્તિમાં જીવતા મનુષ્યોને પરમાર્થને પંથે વાળ્યા છે. એટલું જ નહિ, ગુરુદેવ પ.પૂ. બાપજીએ અનેક મુમુક્ષુઓના અંતરમાંથી માયાનો કચરો સાફ કરી શ્રીહરિની સ્વરૂપનિષ્ઠા દૃઢ કરાવી છે. આ કોઈ સાધારણ પરિવર્તન નથી. આ એક તેઓની દિવ્ય શિલ્પકળા છે.

“નમન છે એવા શિલ્પીને, જે દેહભાવને તોડે છે, શિલ્પી તો કંડારે મૂર્તિ, જે મંદિરમાં પૂજાયે છે;
પણ બાપજીએ ઘડ્યા મુમુક્ષુ, જે મૂર્તિધામમાં વસી જાયે છે.”

આ વિશેષાંકના સમગ્ર લેખોમાં આપણે નિહાળીશું આ આદર્શ શિલ્પીએ કેવી રીતે ઘડ્યા છે આદર્શ શિલ્પોને. ગુરુદેવ પ.પૂ. બાપજીએ કરેલા ઘડતરના પ્રસંગો અનેક મુમુક્ષુના જીવનમાં દીવાદાંડી બની રહેશે.


## એક આદર્શ શિલ્પી ગુરુદેવ પ.પૂ. બાપજીના

# ૯૩મા

### પ્રાગટ્ય પર્વે

## તેઓએ કંડારેલા જીવંત શિલ્પોનું દર્શન




આપ્યો ચારિત્ર્યનો
આકાર

અનંત બ્રહ્માંડોના સર્જનહાર શ્રીહરિએ પૃથ્વીને વિષે જીવને મનુષ્યદેહ તો આપ્યો પણ મનુષ્યજીવનમાં ચારિત્ર્યતાના પ્રાણ પૂરવાનું ભગીરથ કાર્ય યુગપુરુષો દ્વારા કરાવ્યું છે. સાંપ્રત સમયમાં જ્યારે પશ્ચિમી સંસ્કૃતિનો વાયરો પૂરપાટ વહી રહ્યો છે ત્યારે તેમાં મનુષ્યજીવનના મૂલ્યોનું પતન થઈ રહ્યું છે. એ સમામાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ એક સમર્થ શિલ્પી બની પોતાના જોગમાં આવનાર મુમુક્ષુના ચારિત્ર્ય ઘડતરનો આગ્રહ સેવી આદર્શ હરિભક્તો તૈયાર કર્યા છે.

'મનના ચોખ્ખા, દૃષ્ટિના ચોખ્ખા ને હાથના ચોખ્ખા' આવું પવિત્ર જીવન જીવનારા મુમુક્ષુ જ અધ્યાત્મ માર્ગે પ્રગતિ સાધી શકે છે. તેથી ગુરુદેવ પ.પૂ. બાપજીએ હરિભક્તોને ચારિત્ર્યનો કેવો અણીશુદ્ધ આકાર આપ્યો છે તે જાણીએ.

"ત્રિવેદી, આ શું લખો છો ?" ઘનશ્યામનગર મંદિરના ઓટલે બેસી ઘનશ્યામ મૅગેઝિનના તંત્રી પ.ભ. શ્રી નરેન્દ્રભાઈ ત્રિવેદી ઘનશ્યામ મૅગેઝિનનો એક લેખ લખતા હતા ત્યારે ગુરુદેવે પૂછ્યું.

સાહેબે કહ્યું, "દયાળુ, આપણા ઘનશ્યામ સામયિક માટે લેખ લખું છું."

"આવાં સારાં પાનાં ક્યાંથી લાવ્યા ?" ગુરુદેવ પ.પૂ. બાપજીએ ફરી પૂછ્યું.

ત્યારે તેમણે કહ્યું, "બાપજી, હું શાળામાં શિક્ષક છું એટલે અમારે ત્યાં વધારાનાં પાનાં હોય જ."

ગુરુદેવ પ.પૂ. બાપજીએ સહેજ નારાજગીના ભાવ સાથે પૂછ્યું, "તમે તમારા આચાર્યને પૂછ્યું હતું ?"

"ના બાપજી, ધર્મના કામમાં વાપરવાં હતાં એમાં શું પૂછવાનું હોય ?"

ગુરુદેવે કહ્યું, "ત્રિવેદી, આજ પછી મંદિરના કામ માટે તો શાળાના કાગળ નહિ વાપરવાનાં પણ તારા ઘર માટે કે તારાં દીકરા-દીકરી માટે પણ શાળાની કોઈ ચીજ ઘરે નહિ લાવવાની. આચાર્યને પૂછ્યા વગર વાપરવું એ ચોરી કહેવાય. લેખ લખવા કાગળ જોઈએ તો આપણે મંદિરમાંથી ખર્ચ કરીશું પણ પૂછ્યા વગર કોઈ કાગળ કે કોઈ ચીજ ન લાવતા."

એ વખતે સંસ્થાની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી છતાં ગુરુદેવે ચલાવ્યું નહીં. ગુરુદેવનો પ્રામાણિક જીવન કરાવવાનો કેવો આગ્રહ ! આમ, ગુરુદેવ હરિભક્તોના શુદ્ધ નીતિમય જીવન અંગે કેવું અદ્‌ભુત ઘડતર કરતા !

• • •


ઈ.સ. ૧૯૮૫-૮૬ની આસપાસ ઇસનપુર સેન્ટરના એક કિશોરમુક્ત CM વિદ્યાલયમાં ભણતા. એક વખત તેમના પર શાળામાંથી પત્ર આવ્યો કે, 'તમે આ વર્ષે ઘણી રજાઓ પાડી છે માટે તમારો વાર્ષિક પરીક્ષા આપવાનો અધિકાર રદ કરવામાં આવે છે અર્થાત્ આ વર્ષે તમે વાર્ષિક પરીક્ષા આપી શકશો નહીં.' કિશોરમુક્ત દુઃખી થઈ ગયા. ભવિષ્યની ચિંતા થવા લાગી, 'અરરર... હવે શું થશે ? મારું આખું વર્ષ આમ બગડશે. મેં તો મંદિરની સેવા તથા ભગવાનના ભજન માટે થઈ સ્કૂલે રજા પાડી છે પણ આવું તો સાહેબને કહેવાશે નહીં. એક કામ કરું, લાંબી માંદગીનું સર્ટિફિકેટ બનાવડાવી દઉં તો કદાચ મને પરીક્ષા આપવાની રજા મળે.'

કિશોરમુક્તને ગુરુદેવ પ.પૂ. બાપજી સાથે ખૂબ નિકટતા તેથી તેમની મૂંઝવણ ગુરુદેવ આગળ રજૂ કરી, "દયાળુ, શું કરું ? પરીક્ષા આવે છે અને મેં આ વર્ષે ખૂબ રજા પાડી છે એટલે સાહેબ પરીક્ષા આપવાની ના પાડે છે." ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, "પહેલાં તો આવું શા સારુ કરવું જોઈએ ? ભણવાના ટાઇમે ભણવાનું અને બાકીના ટાઇમે સેવા કરવાની. ક્યારેક મંદિર માટે રજા પાડીએ એ ઠીક છે. પણ આટલી બધી રજા પાડીએ એ ન ભણવા માટેનું બહાનું કહેવાય. છતાં કંઈ નહિ બીજું વિચાર્યા વગર સાહેબ જોડે જા. તારે સાહેબને ચરણસ્પર્શ કરી જય સ્વામિનારાયણ કહેવાના અને સાચી વાત કહી દેવાની કે હું મંદિરે જઈ સત્સંગ કરું છું. ભગવાનનું ભજન તથા સેવા કરું છું એટલે રજા પાડી છે. મને માફ કરશો. હવેથી ધ્યાન રાખીશ. તું ક્યાં બીજા છોકરાંની જેમ રખડવા ગયો હતો ?" ગુરુદેવનો સત્યતાને અપનાવવાનો રણકાર સાંભળી કિશોરમુક્તે માંદગીનો ખોટો રિપોર્ટ બનાવવાનો વિચાર માંડી વાળ્યો. સાહેબને હિંમત કરી સાચેસાચું કહી દીધું. સાહેબ તેમના પર રાજી થઈ ગયા ને બોલ્યા, "એમ ! તું આટલી નાની ઉંમરે પણ મંદિરે જાય છે ને સત્સંગ કરે છે." એમ કહી પરીક્ષા આપવાનો અધિકાર આપ્યો.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ કિશોરમુક્તના મિષે આપણને સૌને શીખ આપી કે ગમે તેવા સંજોગોમાં પણ હંમેશાં સત્ય બોલવું; સત્યનો જ જય થાય છે.

• • •

ગુરુદેવ પ.પૂ. બાપજીની લાડોલ ગામે પધરામણી હતી. ગુરુદેવ પ.પૂ. બાપજીની સાથે વ્યવસ્થામાં એક કાર્યકર હરિભક્ત હતા. જેઓ ગુરુદેવ પ.પૂ. બાપજી કોઈના પણ ઘરે પ્રવેશ કરે એટલે તરત ખિસ્સામાંથી માચીસ કાઢી આરતી પ્રગટાવવાની સેવા કરતા હતા. ત્રણ-ચાર ઘરે હરિભક્તને આ રીતે આરતી પ્રગટાવતા જોયા એટલે ગુરુદેવ પ.પૂ.



બાપજીએ તેમને પૂછ્યું, "ભગત, કાયમ માચીસ જોડે રાખો છો ?" "ના બાપજી." ફરી પૂછ્યું, "કાંઈ વ્યસન છે ?" "ના દયાળુ." ફરી ગુરુદેવે ચોખવટ કરતાં પૂછ્યું, "તો આજે પધરામણી છે એટલે ઘરેથી માચીસ લઈ આવ્યા છો ?" ત્યારે પેલા હરિભક્તે કહ્યું, "દયાળુ, આ માચીસ મારા ઘરની પણ નથી. અને આ ઘરની પણ નથી. આ તો આપની પહેલી પધરામણી હતી તે ઘરેથી માચીસ લઈ લીધી જેથી આગળના ઘરે કદાચ માચીસ તૈયાર ન હોય તો આરતી પ્રગટાવવામાં મોડું ન થાય. આપને ઊભા ન રહેવું પડે." ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, "તમારો ઈશક ભલે શુદ્ધ છે પરંતુ આ ચોરી કહેવાય. તમે તમારા માટે પણ નથી લીધી પણ એ ઘરના ધણીને પૂછ્યા વિના લાવ્યાને તે ચોરી વર્તમાન લોપ્યું કહેવાય. જાવ, તેમના ઘરે જઈ પાછી આપી આવો અને માફી માગી લેજો."

એક રૂપિયાની નજીવી કિંમતની માચીસ લેવાની બાબતમાં પણ ગુરુદેવ પ.પૂ. બાપજીએ હરિભક્તોને ટકોર કરી કેવું ઘડતર કર્યું છે !! જો ધણીને પૂછ્યા વિના એક રૂપિયાની માચીસ પણ ન લેવાય તો દગા, પ્રપંચ, અનીતિ તથા લાંચ-રુશવતથી તો કોઈના પૈસા કેવી રીતે પડાવી જ લેવાય ? અને આપણાથી એવું થતું હોય તો આપણા પર ગુરુદેવ બાપજીનો રાજીપો કેવી રીતે થાય ?

• • •

ગુરુદેવ પ.પૂ. બાપજી પોતાના હરિભક્તોના ચારિત્ર્ય ઘડતરમાં તો ઊંડો રસ ધરાવતા પરંતુ પોતાના અલ્પ સંબંધમાં આવનાર બિનપરિચિત મુમુક્ષુને પણ જરૂરથી ટકોર કરી તેમના ચારિત્ર્યને આકાર આપતા.

ગુરુદેવ પ.પૂ. બાપજી સુરેન્દ્રનગર ખાતે વિચરણમાં પધાર્યા હતા. તે વખતે એક ઘરના હરિભક્ત એક બિનસત્સંગી મુમુક્ષુને ગુરુદેવ પ.પૂ. બાપજીનો મહિમા કહી દર્શને લાવ્યા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ હરિભક્તને પૂછ્યું, "આ કોણ છે ? તમારાં સગાં છે ?" ત્યારે હરિભક્તે કહ્યું, "બાપજી, આ તો અમારા ગામના છે." ગુરુદેવ પ.પૂ. બાપજીને તેઓની માત્ર અલ્પ માહિતી જ આપી પણ ગુરુદેવ પ.પૂ. બાપજીએ અંતર્યામીપણે તેમને કહ્યું, "ભાઈ, નીતિથી ધંધો કરો છો ને ? નીતિથી કરશો તો જ મહારાજ ભેળા ભળશે. કોઈના પ્લૉટ પચાવતા નહિ અને કોઈની આગળ દાદાગીરી કરતા નહીં. કોઈ ગરીબની આંતરડી દૂભવતા નહિ તો જ મહારાજ રાજી થશે ને ખૂબ ભેળા ભળશે." ગુરુદેવ પ.પૂ. બાપજીના આવા દિવ્ય વચનોથી આ કૉન્ટ્રાક્ટર અતિ વિસ્મિત થઈ ગયા કે, 'જેમનાં મેં પ્રથમ વખત દર્શન કર્યાં છે, તેઓ મારા વિષે કશું જ જાણતા નહોતા છતાં મારા અંતરનું જે મારા સિવાય કોઈ નહોતું જાણતું તે બધું જ રજેરજનું અંતર્યામીપણે તેઓએ કહી દીધું.' તેમણે પેલા હરિભક્તને કહ્યું, "ખરેખર તમારા બાપજી તો ત્રિકાળજ્ઞાની લાગે છે." ગુરુદેવના અંતર્યામીપણે કહેલા દિવ્ય વચનોથી તેમનું આંતરતંત્ર વીંધાઈ ગયું. આમ, ગુરુદેવની કરુણાએ તેમણે પોતાના અનીતિના બધા જ ધંધા બંધ કરી દીધા.




• • •

ગુરુદેવ પ.પૂ. બાપજી હરિભક્તોને જેમ પ્રામાણિકતાના પાઠ શીખવતા તેમ અધ્યાત્મ માર્ગે પ્રગતિ કરવા અવેરી વર્તમાન સંબંધિત ચારિત્ર્યની દૃઢતા પણ કરાવતા. ગુરુદેવ પ.પૂ. બાપજી યુવકો-કિશોરોને આંતરજીવનની પવિત્રતા જળવાયેલી રહે તથા ચારિત્ર્યશીલ જીવનની દૃઢતા રહે તે માટે વાળ કપાવવા, દાઢી-મૂછ ન રાખવી તથા રજોગુણી વસ્ત્ર પરિધાન ન કરવા અંગે વારંવાર રુચિ જણાવતા. કોઈ એવું કરે તો તે પ્રતિ અણગમો પણ દર્શાવતા અને તરત ટકોર કરતા.

એક વખત ચાતુર્માસની શરૂઆતમાં ગુરુદેવ પ.પૂ. બાપજી ઘનશ્યામનગર મંદિરે પધાર્યા. સભા બાદ ગુરુદેવ પ.પૂ. બાપજીએ હરિભક્તોને પૂછ્યું, "તમે સૌએ ચાતુર્માસ નિમિત્તે વિશેષ નિયમો લીધા છે ?" "હા દયાળુ." "કયા નિયમો લીધા છે ?" "બાપજી, મેં ઉંમર જેટલી માળાનો લીધો છે." "દયાળુ, મેં મંદિર દર્શનનો." "બાપજી, હું ચાતુર્માસમાં દરરોજ મંગળા આરતીમાં આવીશ." "બાપજી, મેં તો ધ્યાનનો લીધો છે." ગુરુદેવ પ.પૂ. બાપજી હરિભક્તો પર રાજી થયા પછી કહ્યું, "૫૦ વર્ષથી વધુ ઉંમરના મુક્તોએ તો આજીવન બ્રહ્મચર્ય અથવા છેલ્લે ચાતુર્માસમાં તો બ્રહ્મચર્યનો નિયમ લેવો જ જોઈએ અને નાની ઉંમરના મુક્તોએ શ્રાવણ માસનો નિયમ રાખવો જોઈએ. અને અવેરી વર્તમાન તો શ્રીજીમહારાજના આશ્રિત સર્વે ભક્તોએ બારેમાસ અર્થાત્ કાયમ માટે પાળવું જ જોઈએ. તમે બધા નોકરી-ધંધે જાવ છો ત્યાં સ્ત્રીઓ જોડે રહેવાનું, કામ કરવાનું થાય તો ખાસ દૃષ્ટિનો અસંયમ ન થાય, કુવિચાર ન આવે તેનો ખૂબ ખટકો રાખવો. આંતરજીવન જેટલું પવિત્ર હશે એટલા જ મહારાજ બિરાજમાન થશે ને રહેશે." ગુરુદેવ પ.પૂ. બાપજીનાં ભલામણનાં વચનો સૌએ ઉર ધર્યાં.

ગુરુદેવ બાપજીના દિવ્ય હસ્તે જે જે હરિભક્તોનું ચારિત્ર્ય ઘડતર થયું છે તે હરિભક્તો નક્કર અને આદર્શ શિલ્પો બની આજે એસ.એમ.વી.એસ. સમાજમાં ઝળકી રહ્યા છે. આવા ચારિત્ર્ય ઘડતરના પ્રસંગો આપણા માટે દિવ્યજીવનની કેડી છે. તેના પર ચાલી શુદ્ધ જીવન કરી પ્રાગટ્ય દિન ઊજવીએ.

# આપ્યો ભક્તપણાનો આકાર




ઘડાયેલી મૂર્તિ પૂજાય છે, નહિ કે પથ્થર. મૂર્તિ પૂજવી સહેલી છે પણ ઘડવી અતિ કઠણ છે. પથ્થરમાંથી બનેલી મૂર્તિ પૂજનીય બને છે પણ ક્યારે ? તો શિલ્પી પહેલાં પથ્થરમાં અને કલ્પનામાં મૂર્તિ દોરે છે. પછી ટાંકણું અને હથોડી લઈ તેને ઘડે છે. મૂર્તિમાંથી નકામો ભાગ દૂર કરી તેને ઘડી ઘડી મૂર્તિરૂપ આકાર આપે છે.

સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ પ્રકરણ-૩ની ૧લી વાતમાં કહ્યું છે કે, “જેવા પુરુષનો સંગ થાય તે થકી તેવો સમાસ થાય છે; ને સર્વદેશી પુરુષનો સંગ થાય તો તે થકી સર્વદેશી જ્ઞાન પ્રાપ્ત થાય છે; ને એકદેશી સંગ થકી સર્વ પ્રકારનું જ્ઞાન પમાય નહીં. કેમ જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા આદિકમાંથી જેને જે અંગ મુખ્ય હોય તેના સંગ થકી તે વાત સમજાય અને સર્વે અંગે સંપૂર્ણ હોય તેના સંગથી સર્વે વાત સમજાય છે, માટે સર્વદેશી સંગ મળવો બહુ દુર્લભ છે.”

સર્વદેશી સત્પુરુષનો સંગ મળે તો શિષ્યનું સર્વાંગ ઘડતર થાય. એસ.એમ.વી.એસ.નો સમાજ અતિ અતિ કૃપાવંત છે કે સર્વાંગપૂર્ણ સર્વદેશી સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીનો દિવ્ય સંગ મળ્યો છે. ગુરુદેવ પ.પૂ. બાપજીએ સમગ્ર હરિભક્ત સમાજનું માબાપ, મિત્ર અને માર્ગદર્શક બની સૂક્ષ્મથી સૂક્ષ્મ ઘડતર કર્યું છે. શ્રીહરિ જોઈને રાજી થાય એવા ભક્તપણાનો આકાર આપ્યો છે. જેનો અનુભવ ગુરુદેવના સાંનિધ્યમાં આવેલા નિકટ સેવા કરનારા સૌને થયો છે. તેવા કેટકેટલાય પ્રસંગોનો મહાસંગ્રહ છે. તેમાંથી કિંચિત્ નિજદર્શન કરીએ.

તા. ૨૨, ૨૩-૮-૨૦૦૭ના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજી સુરેન્દ્રનગર ખાતે જ્ઞાન શિબિરમાં લાભ આપવા પધાર્યા હતા. હાલ મૂ.નિ. રાજુભાઈ અબાસણા ગુરુદેવની સાથે લાભ લેવા ગયા હતા. તા. ૨૧ની રાત્રે પહોંચ્યા. સુરેન્દ્રનગર મંદિરે મચ્છરોનો ખૂબ ત્રાસ હતો. તેથી રાજુભાઈને આખી રાત ઊંઘ ન આવી. સવારમાં તો ગુરુદેવે ૪:૩૦ વાગ્યે બધાને જગાડી દીધા. આખો દિવસ ગુરુદેવની સામે બેસી જ્ઞાન શિબિરનો લાભ લીધો. ક્યારેક આંખ ઘેરાઈ જતી પણ ગુરુદેવના પડકારા સાંભળતાં ફરી જાગ્રત થઈ જતા.



આગલા દિવસે રાત્રે ઊંઘ આવી ન હોવાથી સવદાસભાઈએ કહ્યું, “આજે રાત્રે મારા ઘરે પોઢવા આવો તો ઊંઘ આવી જાય.” માટે તેમના ઘરે પોઢવા ગયા. સવારમાં મંગળા આરતીમાં પહોંચી ગયા. પણ ત્રીજા દિવસે સવારમાં ઊઠવાનું મોડું થવાથી મંગળા આરતીમાં પહોંચાયું નહીં. તેઓ મંદિરે પહોંચ્યા ત્યારે ગુરુદેવ માળા-પ્રદક્ષિણા કરતા હતા તેથી કાંઈ બોલ્યા નહીં.

સવારે ૭:૩૦ વાગ્યે સભા શરૂ થઈ. પ્રારંભમાં જ ગુરુદેવ પ.પૂ. બાપજીએ પ્રશ્ન પૂછ્યો, “રાજ્યા, આરતીમાં ક્યાં ગયો હતો ?” રાજુભાઈએ કહ્યું, “બાપજી, અહીં મચ્છરનો બહુ ત્રાસ છે એટલે સવદાસબાપાના ઘરે પોઢવા ગયો હતો. પણ ઊઠવામાં મોડું થઈ ગયું.” ગુરુદેવે કહ્યું, “તારી લાખ રૂપિયાની આરતી ગઈ એનું શું ? ઊંઘવાનું તો ઘરેય મળતું હતું. તો પછી અહીંયાં શું કરવા આવ્યા ? દેહને કષ્ટ પડે, પ્રતિકૂળતા સહેવી પડે તો સહી લેવાનું. મંદિરમાં ઉતારો લઈએ ત્યારે તો જ્યાં ત્યાં, જેમ તેમ ચલવી લેતા શીખવું. ઘર જેવી સગવડો ન ઇચ્છવી. દેહના કષ્ટની સામે રાજીપો કેટલો મોટો મળે છે તે જોવું. ખબડદાર આજ પછી મને પૂછ્યા વગર મંદિરની બહાર ગયો છે તો.” બાપ તરીકેના અધિકારભાવથી ગુરુદેવે આહ્નિકનું મહત્ત્વ તથા પ્રતિકૂળતા સહેવાની શીખ આપી. ગુરુદેવે વીસ મિનિટ સુધી આ બાબતે લાભ આપ્યો હતો. આમ, ગુરુદેવે કરેલી ટકોર રાજુભાઈના જીવમાં સટોસટ વણાઈ ગઈ. ત્યારપછી તેઓ કદી ગુરુદેવને પૂછ્યા વિના મંદિરની બહાર ગયા નથી કે કોઈના ઘરે ઉતારો પણ કર્યો નથી.

• • •

એક દિવસ ગુરુદેવ સાથે વિચરણમાં અર્પણભાઈ ગયા હતા. તેઓ ગુરુદેવના અંગત સેવક તરીકેની સેવાનો લાભ લેતા. વિચરણ દરમ્યાન કોઈ સેવા બાબતે તેમને મહિલા હરિભક્તો સાથે વાત કરવાનો સંજોગ આવ્યો. અર્પણભાઈ જતા હતા ત્યારે ગુરુદેવે ઊભા રાખી બાપ દીકરાને શીખવે તેમ શીખવતાં કહ્યું, “અર્પણ, મહિલાઓ સાથે તારે કંઈ વહેવાર કરવો પડે તો કરવો. પણ સંયમમાં રહી વ્યવહાર કરવો. કદાચ કોઈ કામ માટે મહિલા વિભાગ બાજુ જવું પડે તોપણ નીચી દૃષ્ટિએ જ જવું. નીચી દૃષ્ટિએ જ વાત કરવી. બીજા ગમે તેમ વર્તે તો ચાલે. પણ તું અમારી જોડે રહે છે માટે તારું વર્તન તો બીજા કરતાં સવાયું જોઈએ. વ્યવહાર કરવામાં બહુ સાવધાની રાખવાની.” એવી

રીતે ગુરુદેવ નિકટમાં રહેનારા ભક્તનું સૂક્ષ્મથી સૂક્ષ્મ બાબતમાં અનોખું ઘડતર કરતા.

•••

ઈ.સ. ૧૯૮૪માં ટી.સી. પટેલ (ત્રિભોવનદાસ ચેલદાસ પટેલ) નવા નવા સત્સંગમાં જોડાયા હતા. એ અરસામાં તેઓ નવી ગાડી લાવ્યા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીને મહેસાણા બાજુ વિચરણમાં જવાનું હતું. તેથી તેમને કહ્યું, “જો તમે ગાડી લઈને અમારી સાથે સેવામાં આવો તો અમારે સાપાવાડા ગામે સત્સંગ કરાવવા જવું છે.” ટી.સી. પટેલ રાજી થઈ ગાડી લઈ સેવામાં જવા તૈયાર થઈ ગયા. તેઓ સત્સંગમાં નવા હોવાથી એક મોટેરા હરિભક્તે તેમને શીખવ્યું કે દરરોજ સવારે ઊઠીને સંતોને પગે લાગજો.


સાપાવાડા ગામે રાત્રિરોકાણ હતું. સવારમાં ગુરુદેવ શૌચાદિક ક્રિયા કરી દંતધાવન કરતા હતા. એ વખતે ટી.સી. પટેલે ઊઠીને સીધા જ ગુરુદેવને ચરણસ્પર્શ કર્યા. ગુરુદેવે કહ્યું, “ટી.સી, હવે અહીં જ ઊભો રહે. અમે શૌચાદિક ક્રિયા કરીને આવ્યા છીએ. તું અમને અડ્યો એટલે અભડાયો.” ગુરુદેવે દંતધાવન ક્રિયા પૂરી કરી ત્યાં સુધી તેમને ત્યાં જ ઊભા રાખ્યા. એ પછી ગુરુદેવે ત્યાં જ ઊભા ઊભા હરિભક્ત તરીકે કેવી ક્રિયાશુદ્ધિ રાખવી જોઈએ, શૌચાદિક કરી સ્નાન કરવું જોઈએ આદિક સમજાવ્યું. ત્યારબાદ તેમને પહેર્યા કપડે સ્નાન કરાવડાવી ગુરુદેવ પોતે સ્નાન કરવા પધાર્યા.

ગુરુદેવ વહેલી સવારે પણ હરિભક્ત તરીકેના ધર્મ શીખવવા તત્પર રહેતા. ગુરુદેવે ટકોર કરી શીખવીને પણ ટી.સી. પટેલને અતિ નિકટ લઈ લીધા. તેમને ગુરુદેવ સાથે સ્નેહનો નાતો બંધાઈ ગયો. પછી તો તેઓ જ્યારે જ્યારે ઘનશ્યામનગર મંદિરે દર્શન કરવા આવતા ત્યારે ગુરુદેવે તેમને નિત્ય મંદિર દર્શન કરવાં, એકાદશી કરવી, માનસીપૂજા કરવી, ધર્માદો કાઢવો આદિક સત્સંગીની રીત શીખવતાં શીખવતાં તેમનું એવું શ્રેષ્ઠ ઘડતર કર્યું કે આજે તેઓ સંસ્થાના અગ્રણી હરિભક્ત તરીકે ઘરધણી થઈ સેવા બજાવી રહ્યા છે.

•••

એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી ઘનશ્યામનગર મંદિરે ચાતુર્માસ પારાયણની પૂર્ણાહુતિમાં પધાર્યા હતા. ઉત્સાહી કિશોરોએ સ્ટેજમાં એક ઝૂંપડી જેવું બનાવી ગામડાનું દશ્ય તૈયાર કર્યું હતું. વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુદેવનું સભામાં સ્વાગત થયું. ગુરુદેવે સ્ટેજ ઉપર આસન ગ્રહણ કરતા પહેલાં ઝૂંપડી સામું જોઈ હસ્તના લટકાથી ‘વાહ’ એવું કહ્યું. કિશોરો ખૂબ રાજી થઈ ગયા. વાસણાના કેટલાક કિશોરો પણ ઘનશ્યામનગર પારાયણની પૂર્ણાહુતિમાં લાભ લેવા ગયા હતા. તેમણે જોયું કે ગુરુદેવ રાજી થયા છે. થોડા દિવસ પછી વાસણા પૂનમનો સમૈયો હતો. ગુરુદેવ પ.પૂ. બાપજીને રાજી કરવા પૂનમના આગલા દિવસે વાસણા સભા હૉલમાં કિશોરમુક્તો સ્ટેજમાં ઝૂંપડી બનાવી રહ્યા હતા. ગુરુદેવ સંધ્યા સમયે પ્રદક્ષિણા માટે હૉલમાં પધાર્યા. તેમણે કિશોરોની નજીક જઈ પૂછ્યું, “આ શું કરો છો ?” કિશોરોએ રાજી થકા કહ્યું, “બાપજી, કાલે પૂનમ છે એટલે ઝૂંપડી બનાવીએ છીએ.” ઝૂંપડીનું નામ સાંભળતાં ગુરુદેવના મુખારવિંદના ભાવ બદલાઈ ગયા અને નારાજગીના ભાવ સાથે કહ્યું, “આવો રજોગુણ શા માટે કરો છો ? નકામી પ્રવૃત્તિ ઊભી કરો છો. આવો ઉદ્‌ઘોષ અમને નથી ગમતો.” ત્યારે કિશોરમુક્તોએ હાથ જોડીને પ્રાર્થના કરી કે, “બાપજી, આપ ઘનશ્યામનગર રાજી થયા હતા એટલે અમને થયું કે પૂનમે બનાવીએ તો અમારી ઉપર પણ આપ રાજી થશો.” ગુરુદેવે કહ્યું, “એ તો ઘનશ્યામનગરના કિશોરો રાજી થાય એટલે રાજીપો જણાવ્યો હતો.” અમે અહીંયાં વાસણા જ બિરાજીએ છીએ અને અહીંયાં જ જો આવો ઉદ્‌ઘોષ થાય તો સંસ્થામાં બધું પ્રમાણ થઈ જાય. એટલે અમે જ્યાં હોઈએ ત્યાં આવો ખોટો ઉદ્‌ઘોષ ન જ કરાય. કારણ કે, બધા અહીંથી પ્રેરણા લેતા હોય. બધાને એવું થાય કે મોટા હોય ત્યાં આપણે કરાય. માટે બધું કાઢી નાખો. એક ઠાકોરજીનું સિંહાસન સરસ કરો.” એવી રીતે ગુરુદેવે કિશોરમુક્તોને બિનજરૂરી પ્રવૃત્તિ ઊભી કરી સમય ન બગાડવા તથા ખોટો ઉદ્‌ઘોષ ન કરવા માટેની શીખ આપી.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ સમગ્ર હરિભક્ત સમાજનું શિલ્પી બની કરેલું અનોખું ઘડતર આપણા સૌ માટે પ્રેરણારૂપ છે ત્યારે જે તે પ્રસંગને આપણા સ્વજીવન સાથે સરખાવી જીવનમાં ખૂટતી કડીને પૂરીએ તથા રહેતી ક્ષતિને ટાળીએ એ જ ગુરુદેવના પ્રાગટ્ય દિનની ખરી ઉજવણી છે.



# આપ્યો સાધુતાનો આકાર





“પાષાણ જેવા અણઘડ હતા, જીવતા હતા જગસુખ કાજે;
હથોડી કર ગ્રહી રોકટોકની, ગ્રહ્યું ટાંકણું વાત્સલ્યનું આપે.
ઘડી છે ભગવી સેના એવી, સંપ્રદાયમાં નથી જોટો આજે;
મળ્યા એવા આદર્શ શિલ્પી, સાધુતાની કેડી કંડારી આપે.”

પૂર્વાશ્રમમાં સવારમાં નવ વાગ્યે ઊઠનારા સાધુતાનો શણગાર સજીને આજે સંત શિરોમણિ બનીને ઝળહળી રહ્યા છે. કારણ, ગુરુદેવે સંતોને માત્ર દીક્ષા આપી ભગવાં વસ્ત્ર નથી પહેરાવ્યાં; એક એક સંતને નિકટ લઈ તેમનું આગવું ઘડતર કર્યું છે. ભગવા વસ્ત્રોની મર્યાદાને, એની ગરિમાને સાધુતાના પ્રાણ પૂરી આજના ઘોર કળિકાળમાં પણ જીવંત રાખી છે. સંતોને સાધુતાનો આકાર આપવા ગુરુદેવ પ.પૂ. બાપજી ક્યારેક માતૃવાત્સલ્ય સ્નેહભીની કરુણા વરસાવતા તો ક્યારેક પિતાની જેમ કઠોર શિસ્તમાં અને અનુશાસનમાં દૃઢપણે વર્તાવતા. ક્યારેક હસતા-રમતા તો ક્યારેક સ્નેહલ દૃષ્ટિ કરડી કરીને પણ સાધુતાના ઉચ્ચ આદર્શો શીખવતા. ગુરુદેવે પૂ. સંતોની સાધુતા માટે, ઘડતર માટે કરેલા દાખડાને આલેખવા જઈએ તો એક બૃહદ ગ્રંથ લખાય એટલો વિરાટ સંગ્રહ છે. એમાંથી અત્રે આંશિક આચમન કરીએ.

તા. ૧૨-૪-૨૦૧૦ના રોજ વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીની સુરત પાસોદરા પાટિયા, સ્વામિનારાયણ ધામ ખાતે જ્ઞાન શિબિર હતી. ગુરુદેવ પ.પૂ. બાપજીનો ઉતારો નાગજીભાઈ પટેલના ઘરે હતો. સવારમાં ગુરુદેવ પાસોદરા સ્વામિનારાયણ ધામ પધાર્યા. થોડું દૂધ ધરાવ્યું.

શિબિર ચાલુ થવાની થોડી વાર હતી. ગુરુદેવ એક ક્ષણ પણ વ્યર્થ ન થવા દે. તરત તેમણે મંદિરની વિઝિટ કરવાની ચાલુ કરી દીધી. ગુરુદેવ પૂ. સંતોના રસોડામાં પધાર્યા. પધરામણી દરમ્યાન આવેલું ડ્રાયફ્રૂટ પૂ. સંતોએ ફ્રિજમાં મૂકેલું હતું. ગુરુદેવ પ.પૂ. બાપજીએ ફ્રિજ ખોલ્યું. ફ્રિજમાં વધારે ડ્રાયફ્રૂટ જોતાં ગુરુદેવે તરત ત્યાં રહેતા સંતોને બોલાવ્યા. સાધુતાની રીત શીખવતાં કહ્યું, “સંતો, આપણા સંતોથી ડ્રાયફ્રૂટ ન જમાય. ક્યારેક પ્રસાદીમાં મોટાપુરુષ આપે તે વાત જુદી છે. બાકી રોજ ન જમાય. વળી, ડ્રાયફ્રૂટ પડ્યું રહે તો ધીરે ધીરે ખોરું થઈ જાય. હરિભક્તોની સેવાનો બગાડ થાય. માટે ઉત્સવપ્રસંગે ઠાકોરજીના થાળમાં ક્યારેક વાપરવાનું થતું હોય તેટલું ડ્રાયફ્રૂટ રાખી બાકી અન્યત્ર સ્થાને ઉપયોગ કરાવવાની વ્યવસ્થા કરવી. હરિભક્તો તો વસ્તુના ઢગલા કરશે પણ મળે તેટલું ભોગવી ન લેવું. આપણી સાધુતામાં ફેર પડે એવું કાંઈ ન લેવું. આપણો ત્યાગનો માર્ગ છે.”

ત્યાંથી ગુરુદેવ રસોડાની બહાર પધાર્યા. ઘણા હરિભક્તો પૂ. સંતો માટે ફ્રૂટ લાવેલા તે જોઈને ગુરુદેવે કહ્યું, “સંતો, આમાંથી આપણે વપરાય એટલું ફ્રૂટ – દ્રાક્ષ, ટેટી, તડબૂચ જે જોઈએ તેટલું લઈ લો. બાકી બધું સમારી ઠાકોરજીને ધરાવી હરિભક્તોને જમાડી દો. એક પણ ફ્રૂટ બગડવા ન દેવું; નહિ તો આપણે ઠાકોરજીના ગુનેગાર થઈએ.” આમ, ગુરુદેવે સંતોને સાધુતાના પાઠમાં અપરિગ્રહનો ઘડતર સંદેશ આપ્યો.

• • •


ઉત્તરાયણનો દિવસ હતો. તેથી ગુરુદેવ પ.પૂ. બાપજી બપોરના આરામનો ત્યાગ કરી સીધા જ કોઠારમાં પધાર્યા. ઝોળીસેવામાં આવેલું અનાજ, કોથળા, અરે ઝભલાં કોથળીની જુદી વકલ કરાવતા હતા. પૂ. સંતો, પૂ. પાર્ષદમુક્તોને પણ સેવામાં સાથે ને સાથે જોડ્યા હતા. રાત્રે ઘણું મોડું થઈ ગયું. છેલ્લે એક સંત કોઠારમાં માટીવાળા દાણા તથા કચરામાં વેરાયેલા જુદા જુદા અનાજના દાણા સાવરણીથી વાળી કચરાપેટીમાં નાખવા જતા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજી જોઈ ગયા. ગુરુદેવે તરત જ તે સંતને કહ્યું, “સ્વામી, ભલે મુઠ્ઠી જેટલું છે પણ આવી રીતે કચરામાં દાણા ન જવા દેવાય. ભલે તેમાં માટી હોય તોય પાછું લાવો.” ગુરુદેવે સંતને થાળી આપી કહ્યું, “લો સ્વામી, આમાં નાખી બધા દાણા જુદા જુદા વીણી લો. પછી તેને કોરાં કપડાં વડે લૂછી નાખજો એટલે ચોખ્ખું થઈ જાય.” એવી રીતે ગુરુદેવે સંતને હરિભક્તોએ કરેલી સેવાને અલ્પ પણ વ્યર્થ ન થવા દેવાનો અદ્ભુત આદર્શ શીખવ્યો.

• • •

ઈ.સ. ૨૦૧૩માં એક દિવસ સાંજે વાસણા ઝરૂખામાં પૂ. સંતો ઊભા ઊભા સત્સંગના મહિમાની વાતો કરતા હતા. બીજા દિવસે પૂનમ હોવાથી મહિલાઓ સભા હૉલની સ્વચ્છતા તથા અન્ય સેવા માટે આવ્યાં હતાં. ઝરૂખાથી સભા હૉલ ઘણો દૂર હતો પણ ત્યાં મહિલાઓની અવરજવર હતી. મહિલાઓને સંતો દેખાય એવી પરિસ્થિતિ જણાતાં તરત ગુરુદેવે કહ્યું, “સંતો, આપણને સૂગ રહેવી જોઈએ. મહિલાઓ દેખાતા હોય એવી આપણા આવાસની જગ્યામાં પણ ઊભા ન રહેવું. આ આપણી સાધુતા છે. અંદર રૂમમાં જઈ બધા સંતો વાત કરો.” એવી રીતે ગુરુદેવે હળવેથી સાધુતાના પાઠ શીખવ્યા.

• • •

તા. ૫-૩-૨૦૧૦ ને શુક્રવારે સવારે ગુરુદેવ પ.પૂ. બાપજી વાસણાથી વડોદરા લાભ આપવા પધારતા હતા. ગાડીમાં પાછળ ચાર પૂ. સંતો બેઠા હતા. થોડી વાર ગુરુદેવ પ.પૂ. બાપજીએ પાછળ



જેના હૈયામાંથી નરી કરુણા જ વહેતી હોય તે જ સત્પુરુષ.


બેઠેલા સંતોને લાભ આપ્યો. ગુરુદેવે લાભ આપતાં આપતાં વિરામ લીધો. થોડી વાર ગાડીમાં શાંતિ છવાઈ ગઈ. પૂ. સંતો ગુરુદેવ તરફ એક દૃષ્ટિ કરી દર્શન કરી રહ્યા હતા. મનમાં એમ હતું કે હમણાં ગુરુદેવ કંઈક લાભ આપશે. ગુરુદેવ તો નેત્ર બંધ કરી માળા કરી રહ્યા હતા.

અચાનક ગુરુદેવ પ.પૂ. બાપજીએ પાછળ મુખ કરી ધીરે રહી કહ્યું, "અલ્યા, પાછળ ચાર કન્ટ્રાટી છે ને કામ કેમ બંધ છે ? હેઠા ઊતરો." પૂ. સંતો હસી પડ્યા. ગુરુદેવની માર્મિક ટકોરને સમજી ગયા. ગુરુદેવની કાયમી રુચિ છે કે ગાડીમાં નવરા ન બેસવું, કીર્તન ગાવાં તેથી પૂ. સંતોએ કીર્તન ગાવા માંડ્યાં. એક કીર્તન પૂરું થયા પછી ગુરુદેવે ફરી લાભ આપતાં કહ્યું, "સંતો, આપણે મહારાજમાં જોડાવા સાધુ થયા છીએ. આપણી એક મિનિટ બગડવી ન જોઈએ. ગાડીમાં બેઠા કે તરત કીર્તન ગાવાં, ધૂન બોલવી કે માળા ફેરવવી, વચનામૃત કે બાપાની વાતો વાંચવી. એમ ભજન-ભક્તિ કરવી કાં તો મહિમાની વાતો કરવી. પણ ગાડીમાં બેઠા બેઠા બારીની બહાર જ્યાં ત્યાં ડાફોળિયાં મારીએ તો આપણી સાધુતા લોપાય. ગાડીમાંય નીચી દૃષ્ટિ રાખી બેસવું. ભજન-ભક્તિમાંથી નવરા જ ન પડવું." આવી રીતે ગુરુદેવ પ.પૂ. બાપજીએ સ્વવર્તન ને માર્મિક વચનો કહી સાધુતાના પાઠ શીખવ્યા.

•••

ગુરુદેવ કાયમ માટે કોઈ પણ નવા મુમુક્ષુ પાર્ષદી દીક્ષા ગ્રહણ કરે કે પાર્ષદ સંત દીક્ષા ગ્રહણ કરે તો તેમને એકલા બેસાડી બેસાડી સાધુતાના પાઠ શીખવતા. ભજન-ભક્તિના અંગ પડાવતા. વચનામૃત અને કીર્તન મુખપાઠ કરાવતા. ગુરુદેવની મુખપાઠ કરાવવાની, વાંચન-મનનનું અંગ પડાવવાની પણ અનોખી રીત હતી.

એક વાર ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી STKના મુક્તોને લાભ આપવા પધાર્યા ત્યારે પોતાનો સ્વાનુભવ જણાવતાં કહ્યું હતું કે, "અમે પાર્ષદી દીક્ષા લીધી ત્યારે ગુરુદેવે એવું પ્રકરણ ચલાવ્યું હતું કે દરરોજ સવારે એક કીર્તન મુખપાઠ કરવાનું જ. પછી મુખપાઠ થયેલું કીર્તન ગુરુદેવ સમક્ષ બોલવાનું. આવડે તો બપોરે ઠાકોરજી જમાડવાના; નહિ તો રજા. એ જ રીતે સાંજે વચનામૃત આવડી જાય, ગુરુદેવ સમક્ષ મુખપાઠ બોલી લઈએ પછી જ જમવાનું. વળી, ગુરુદેવ લાભ આપતા કે, અત્યારે તમારી પાસે સમય છે તો મુખપાઠ કરી લ્યો. એ વખતે અમે જે મુખપાઠ કર્યું હતું તે આજે પણ ઈદમ્ છે. માટે તમે અત્યારે મૂડી ભેગી કરી લ્યો." આવી રીતે ગુરુદેવ કાયમ નવા પાર્ષદોને-સંતોને મુખપાઠ કરાવતા."



આવું જ બીજું સંસ્મરણ રજૂ કરતાં સંસ્થાના વડીલ સંત પૂ. પૂર્ણસ્વામીએ કહ્યું હતું કે, "ઈ.સ. ૧૯૯૬માં અમે સંત દીક્ષા લીધી. ગુરુદેવ તો અતિશે આગ્રહ જણાવતા કે સાધુને તો વાંચનનું અંગ વિશેષ હોવું જોઈએ. મધ્યાહ્ન ભોજન પછી ગુરુદેવ કાયમ દોઢ-બે કલાકનું વાંચન-મનન કરાવતા. ગુરુદેવ અમને વાંચવા બેસાડી છોડી ન દેતા. સ્વયં પોતે જોવા પધારતા કે બરાબર વાંચે છે કે નહીં ? એમાં એક દિવસ સેવકને વાંચતાં વાંચતાં ઊંઘ આવી ગઈ. એ જ વખતે ગુરુદેવ પ.પૂ. બાપજી પધાર્યા. ગુરુદેવે સેવકને જગાડી થોડી વાર લાભ આપ્યો. વાંચનનું મૂલ્ય સમજાવ્યું અને કહ્યું કે, 'હવે દરરોજ ઊભા ઊભા જ વાંચવાનું જેથી ઊંઘ ન આવે.' એ પણ એક દિવસ નહિ પણ એક મહિના સુધી સેવકને દરરોજ ૧:૩૦ કલાક ઊભા ઊભા વાંચન કરાવ્યું હતું. સેવક ઊભા ઊભા વાંચતો. ગુરુદેવ દર્શન આપવા પધારે ત્યારે ક્યારેક અમને પૂછતા, શું વાંચ્યું ? શું મનન કર્યું ? શું શીખ્યા ? એવા પ્રશ્ન પૂછી પાકું કરાવતા. આજે પણ ગુરુદેવની એ અનોખા ઘડતરની સ્મૃતિઓને યાદ કરતાં આંખોની કોર ભીની થઈ જાય છે. અંતરમાં આનંદ થાય કે અજોડ શિલ્પીએ મુજ પથ્થર જેવાને મૂર્તિ જેવું શિલ્પ કરવા કેવો દાખડો કર્યો છે ! કોટિ કોટિ વંદન હો મારા અનોખા શિલ્પી ગુરુદેવ આપના ચરણે."

•••

જાન્યુઆરી, ૨૦૧૮ની સંત શિબિરમાં લાભ આપવા ગુરુદેવ પ.પૂ. બાપજી સંતૂર ફાર્મ પર પધાર્યા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીની ગાડી સંતૂર ફાર્મમાં પ્રવેશી ત્યારે તેઓ કાચ ઉતારી હાથનું નેજવું કરી કશુંક જોતા હતા. ગુરુદેવ સભામાં પધાર્યા કે તુરત પૂ. સંતોને પૂછ્યું, "સંતો, અમે આવ્યા ત્યારે ફાર્મના આગળના ભાગમાં ગૃહસ્થનાં કપડાં સુકાતાં હતાં તો ફાર્મમાં કોઈ મહિલાઓ તો નથી ને ?" ત્યારે પૂ. સંતોએ સ્પષ્ટતા કરી કે, "બાપજી, આ ફાર્મની સાચવણી કરવા પ્રવીણભાઈનો પરિવાર અહીં રહે છે. પણ સંતોની શિબિર હોવાથી તેમના ઘરના મહિલા સભ્યોને બીજે રહેવા મોકલી દીધા છે. અત્યારે ફાર્મમાં તો માત્ર પુરુષ સભ્યો જ રોકાયા છે. બાકી ફાર્મમાં ક્યાંય કોઈ મહિલાઓ નથી."

ગુરુદેવે કહ્યું, "સંતો, તો તો ઠીક બાકી આપણે સાધુએ બહુ ખટકો રાખવો. સંતોના આવાસ હોય ત્યાં કોઈ મહિલાઓ ન આવી જાય તેનું ધ્યાન રાખવું. આપણા ધર્મમાં ફેર ન પડવા

દેવો.'' આમ, અણીશુદ્ધ સાધુતા માટે ખટકો રખાવતાં ગુરુદેવે સંતોને વર્તન કેરાં પીયૂષ પાયાં છે.

• • •

સંસ્થાના વરિષ્ઠ સંત પૂ. ધર્મસ્વામી અમેરિકા તથા કેનેડા ખાતે વિચરણમાં જતા પૂર્વે ગુરુદેવનાં દર્શન કરવા પધાર્યા. ગુરુદેવે જોડે સેવામાં જતા સંતને નિકટ બોલાવ્યા અને સાધુતાની શીખ આપતાં કહ્યું, ''સ્વામી, આપણે વિદેશમાં સત્સંગ કરાવવાનો પણ આપણી સાધુતાના ભોગે નહીં. આપણે ધર્મ લોપીને ધર્મનો પ્રચાર નથી કરવો. એવો સત્સંગ નથી વધારવો. એરપોર્ટ પર કે વિદેશના વાતાવરણમાં હરિભક્તની મહોબતમાં આવીને પણ ક્યાંય વર્તમાનમાં ફેર પડવા દેવો નહીં. આપણા વર્તમાનનો કાયમ ખટકો રાખવો.'' આવી રીતે જનની બની વિદેશ જતા સંતને ગુરુદેવે ઘણી ઘણી ભલામણ કરી. ગુરુદેવના વાલપ ને વાલપના વેણનું ભાતું લઈ સંત વિદેશ વિચરણમાં ફર્યા પણ ગુરુદેવનું સતત સાંનિધ્ય હોય તેવું અનુભવાતું હતું. સમયે ગુરુદેવનાં વચન સાંભરતાં પાછા વળેલા રહેતા. આમ, ગુરુદેવની સાધુતાપૂર્ણ જીવનની ભલામણ સંતો માટે સદૈવ ઢાલ બની રહેતી.

• • •

તા. ૧૩-૭-૨૦૧૨ના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામ ખાતે ત્યાગાશ્રમના માર્ગે આગળ વધનારા મુમુક્ષુ માટે ચાલતા સાધક તાલીમ કેન્દ્રમાં (STKમાં) લાભ આપવા પધાર્યા. STKના મુક્તોને ગુરુદેવે નિષ્કામ ધર્મ પર લાભ આપ્યો. નિષ્કામ ધર્મનો લોપ ન થાય તે માટે આહાર-વિહારમાં સાવધાની રાખવાની રીત શીખવતાં કહ્યું, ''સાધુએ ગળ્યા-ચીકણાનો ત્યાગ રાખવો. આહાર સંયમી રાખવો. એમાંય રાત્રે ઓછું જમવું તો નિષ્કામી વર્તમાન સારું પળે. સાવ ભૂખ્યા પણ ન રહેવું; નહિ તો પગમાં કળતર થાય. પણ શરીરનું કામ ચાલી જાય એટલું જ રાત્રે જમવું.'' એવી રીતે ગુરુદેવે સમર્પિત મુક્તોને નિષ્કામ ધર્મના વહન માટે પાયાના પાઠ શીખવ્યા.

• • •


તા. ૧૧-૬-૨૦૧૮ના રોજ બપોરે ગુરુદેવ પ.પૂ. બાપજી ઠાકોરજી જમાડવા બિરાજ્યા હતા. એ વખતે એક નવા સંત ગુરુદેવ પ.પૂ. બાપજીને પીરસવા પધાર્યા. સંત નવા હતા, નાના હતા. વળી સ્વભાવે ખૂબ રમૂજી. તેથી વિશેષ હાસ્યવિનોદ કરતા. ઘણી વાર મોટા અવાજે હસતા, વાતો કરતા. ગુરુદેવ તો ખરા શિલ્પી તેથી તેમને કોઈ સંતની અલ્પથી અલ્પ કસર પણ ખૂંચતી. તેથી ગુરુદેવે હસતાં હસતાં નવા સંતને પૂછ્યું, ''સ્વામી, તમે કેટલું બોલો છો? બધાની સાથે હસવા-બોલવાનું થાય ખરું?''

ગુરુદેવ આગળ તે સંત કશું બોલ્યા નહીં. મૌન જ રહ્યા. એટલામાં ગુરુદેવના સેવક સંત ત્યાં આવી ગયા હતા. તેમણે હસતાં હસતાં કહ્યું, ''બાપજી, આપનો પ્રભાવ ખૂબ તેથી આપની આગળ ખૂબ ઓછું બોલે છે. અમારા સંતો આગળ તો ઘણું બોલે છે.'' તરત જ ગુરુદેવે સંતને પોતાની નિકટ બોલાવી બેસાડ્યા. જમાડતાં જમાડતાં સાધુતાના પાઠ શીખવતાં કહ્યું, ''સ્વામી, આપણે સ્વામી (ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી) જેવા શ્રેષ્ઠ સંત થવાનું. હિલોળિયા નહિ થવાનું. ધીર-ગંભીર થવાનું. બને ત્યાં સુધી ઓછું બોલવું, કામ પૂરતું જ બોલવું. લગીરે સમય બગાડવો નહીં. સમય મળે કે તરત ભજન-ભક્તિ કરવી, વાંચન-મનન કરવા મંડી જવું, ધ્યાન કરવું, માળા કરવી એ આપણી સાધુની શોભા છે.'' નવા સંત બે હાથ જોડી ગુરુદેવનાં અમૃતવચનો જીવમાં ઉતારતા હતા. તેમના મુખ પર પસ્તાવા સાથે માફીના ભાવો સ્ફુરતા હતા. આ જોઈ ગુરુદેવ રાજી થયા. વ્હાલથી સંતના મસ્તક ઉપર ડાબો હસ્ત મૂકી રાજીપો વરસાવ્યો. જેમ શિલ્પી પોતાની કોઈ શિલ્પકૃતિમાં અલ્પ કસર ન રહેવા દે. તેમ ગુરુદેવે પોતાના નાનામાં નાના સંતને કસર રહિત કરવા ઉપદેશ કરી શુદ્ધ કર્યા છે.

• • •

તા. ૭-૭-૨૦૧૮ ને શુક્રવારના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજી ઈસનપુર પ્રાતઃ સભામાં લાભ આપવા પધારવાના હતા. આગળના દિવસે રાત્રે વાસણા મંદિરે એક અન્ય સંતે ગુરુદેવ પ.પૂ. બાપજીના સેવક સંતને કહ્યું, ''તમે બાપજીને પ્રાર્થના કરો કે બાપજી રાજી હોય ને હા પાડે તો મારે ઈસનપુર લાભ લેવા આવવું છે.'' સેવક સંતે ગુરુદેવ પ.પૂ. બાપજીને વાત કરી કે, ''દયાળુ, ફલાણા સ્વામીને આપનો લાભ લેવા ઈસનપુર આવવું છે. તો કાલે સવારે આપણી સાથે આવે?'' ગુરુદેવે તરત ટકોર કરતાં કહ્યું, ''સાધુએ આવી રીતે સામે ચાલીને પુછાય જ નહિ કે હું આવું? સાધુને તો જેમ રાખે તેમ રહેવાનું હોય.'' ગુરુદેવ સહજ સહજમાં નાની બાબતમાં પોતાના ઠરાવ કે સૂચન ન રાખવું તેવું શીખવતા.

ગુરુદેવ પ.પૂ. બાપજી અનોખા સંત ઘડવૈયા છે. તેમણે કરેલા વર્તમાનસંબંધી, જીવનસંબંધી, વ્યવહારસંબંધી ને વર્તનસંબંધી ઘડતરમાંથી મળતી પ્રેરણાને સ્વજીવન સાથે સરખાવી જીવન પરિવર્તનનો દૃઢ સંકલ્પ કરી ગુરુદેવના પ્રાગટ્ય દિનની ઉજવણી કરીએ.





# આપ્યો સિદ્ધાંતનો આકાર

સિદ્ધાંત,

જે શ્રીજીમહારાજ અને મોટાપુરુષના પ્રાગટ્યનો હેતુ છે.

જે સંપ્રદાય અને સંસ્થાનો પ્રાણ છે.

જે કાર્ય-પ્રવૃત્તિનું કારણ છે.

જે એક અધ્યાત્મ સાધનાનો સ્પષ્ટ રાહ ચીંધતું મૂળ તત્ત્વ છે.

આ બ્રહ્માંડને વિષે મોટાપુરુષના પ્રાગટ્યનું પ્રયોજન એક જ હોય છે. શ્રીહરિ કથિત સિદ્ધાંતનું સ્થાપન અને ચિરકાલીન તેનું પ્રવર્તન કરવું. શ્રીહરિએ પોતાના સર્વોપરી સિદ્ધાંતોને વચનામૃત ગ્રંથમાં પાને પાને ગૂંથી લીધા છે. 'અને વળી જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે... સર્વે ક્રિયાના પ્રવર્તાવનારા ને સર્વેના સ્વામી આ (પ્રત્યક્ષ પોતે) એક જ ભગવાન છે... બીજો આ જેવો થાતો નથી.' -વચ. ગ.છે. ૩૯

'સત્યરૂપ એવો જે પોતાનો આત્મા તથા સત્યરૂપ એવા જે ભગવાન તેનો જેને આવી રીતે સંગ થયો તેને સત્સંગી કહીએ... એ બે પ્રકારના જ્ઞાનને સાંભળીને એનો પોતાના મનમાં વેગ લગાડી દેવો.' -વચ. ગ.છે. ૩૯

શ્રીહરિએ વચનામૃતમાં ઉપરોક્ત પોતાના મુખ્ય સંકલ્પો જણાવ્યા છે. તેને સાકાર સ્વરૂપ આપવા ગુરુદેવ પ.પૂ. બાપજીએ એસ.એમ.વી.એસ.નું સિદ્ધાંત સૂત્ર આપ્યું અર્થાત્ આ એક મિશનથી જ એસ.એમ.વી.એસ. સંસ્થા કાર્યરત છે – 'સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દૃઢ કરી, અનાદિમુક્તની સ્થિતિ પામવી એ જ કારણ સત્સંગ.'

ગુરુદેવ પ.પૂ. બાપજીએ આ સિદ્ધાંત સૂત્રને વિશ્વવ્યાપી કરવા એકલપંડે અનેકાનેક કષ્ટો વેઠ્યાં છે. એક એક હરિભક્તને બેસાડી બેસાડી શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના દૃઢ કરાવી છે. ચાહે પછી તે ૮૫ વર્ષના ડોસા હોય કે ૧૫-૧૬ વર્ષનો કિશોર કેમ ન હોય !! ગુરુદેવ પ.પૂ. બાપજીએ ત્યાગાશ્રમ સ્વીકાર્યો ત્યારે તેઓની ઉંમર ૨૩ વર્ષની હતી. તેઓએ સત્સંગ કરાવવાની શરૂઆત કરી ત્યારે તેઓ સમક્ષ સૌપ્રથમ શ્રોતા તરીકે ૮૫ વર્ષના વડીલ હરિભક્ત રણછોડભાઈ મણિયાર હતા. ક્યાં ગુરુદેવ બાપજીની ૨૩ વર્ષની ઉંમર અને ક્યાં સામે ૮૫ વર્ષના વડીલ હરિભક્ત !! પરંતુ સિદ્ધાંત પ્રવર્તનની અજબની ખુમારી હતી.

• • •


સુરેન્દ્રનગર જિલ્લાના ટુવા ગામના વતની સવદાસભાઈ સિંધવ જેઓ કાર્ય સત્સંગમાં જોડાયેલા હતા. તેઓ પ્રગટ ભગવાનને પામી એકમાત્ર મોક્ષ પામવાની ઇચ્છાથી કાર્ય સત્સંગના અનેક મંદિરોમાં ફરતા, મોટા વિદ્વાન સંતોનો સમાગમ કરતા છતાં અંતરમાં ઓછું વર્તતું. એમાં ઈ.સ. ૧૯૯૭માં સુરેન્દ્રનગર એસ.એમ.વી.એસ. મંદિરે તૃષા છિપાવવા પાણી પીવા આવ્યા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીનાં પ્રથમ દર્શન અને પ્રથમ સમાગમે તેમને અજબનું આકર્ષણ થયું.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેમની મુમુક્ષુતા અને ખરો ખપ પારખી તેમને કહ્યું, "સભામાં જે વાતો થઈ તે તો એક નંબરની હતી પણ મહારાજના સ્વરૂપની જેમ છે તેમ બે નંબરની યથાર્થ વાતો સાંભળવી હોય તો રાત્રે આપણે બંને બેસીશું."

ગુરુદેવ પ.પૂ. બાપજીએ રાત્રે નવ વાગ્યે ચેષ્ટા બાદ આ સવદાસભાઈને શ્રીજીમહારાજની સ્વરૂપનિષ્ઠાની વાતો શરૂ કરી તો સવારે પાંચ વાગ્યા સુધી એકધારી વાતો કરી તેમને શ્રીજીમહારાજના સિદ્ધાંતોથી રંગી દીધા. આમ, ગુરુદેવ પ.પૂ. બાપજીએ આવા એક નહિ ઘણા હરિભક્તોને અંગત બેસાડી બેસાડી શ્રીજીમહારાજના સર્વોપરી સિદ્ધાંતોથી ભરી દીધા. જેથી એસ.એમ.વી.એસ.ના હરિભક્તો એક શ્રીજીમહારાજ સિવાય બધેથી નિર્લેપ, નિર્બંધ અને નિઃસ્પૃહી થઈ શક્યા છે.

• • •

વાસણા વિસ્તારના પ.ભ. શ્રી હરીશભાઈ દેસાઈને ગુરુદેવ પ.પૂ. બાપજીએ એવો સર્વોપરી સિદ્ધાંતોનો રસ પાયો હતો કે તેમના પર આવેલી અણધારી આફતમાં પણ તેઓ અડગ અને નિષ્ઠાવાન રહ્યા. હરીશભાઈ ગુરુદેવ પ.પૂ. બાપજીની કૃપાએ સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી નિષ્ઠા દૃઢ કરી સારા સત્સંગી થયા હતા. તેમના પિતાશ્રી ભગવાનભાઈ બાવન વર્ષની ઉંમરે ગંભીર માંદગીમાં સપડાયા એટલે તેઓના કુટુંબીજનો હરીશભાઈને કહેવા લાગ્યા, "તારા બાપાની ઉંમર નાની છે. શરીરમાં કોઈ રોગ નહોતો છતાં આવું કેમ થયું તને ખબર છે ? તેં બધું આપણું જૂનું મૂકી દીધું ને દોરાધાગા બંધ કર્યા ને બીજાને માનવાનું બંધ કર્યું એટલે દુઃખ આવ્યું. હરીશ, માની જા. હજુ પાછો વળી જા;



નહિતર તારા પિતાને તું ખોઈ બેસીશ.''

પણ આ હરીશભાઈ તો સહજાનંદી સિંહ હતા. તેમણે કહ્યું, ''જુઓ, સાંભળી લો. મારા પિતાશ્રીને મહારાજ આજે જ ધામમાં લઈ જાય. અરે મને અને મારા આખા પરિવારને મહારાજ ધામમાં લઈ જશે તોપણ હું શ્રીજીમહારાજને મૂકીને અન્યનો આશરો નહિ જ લઉં.''


આ બાજુ ડૉક્ટરો છૂટી પડ્યા. તેમના પિતાને ઘરે લાવવામાં આવ્યા. હરીશભાઈએ ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શને જઈ બધી વાત કરી. ગુરુદેવ પ.પૂ. બાપજી તેમના પર રાજી થયા અને કહ્યું, ''મહારાજની નિષ્ઠા દૃઢ રાખજે. મહારાજ ત્રણ દિવસમાં તારા પિતાને ધામમાં તેડી જશે.'' અને બન્યું પણ એવું જ. તેમના પિતા ધામમાં જતાં આખો પરિવાર તથા સગાંસંબંધી રોકકળ કરતાં હતાં છતાં હરીશભાઈ તથા તેમના નાના ભાઈ ચિંતનભાઈની આંખમાં સમજણે કરીને એક આંસુ આવ્યું નહિ બલ્કે, ગુરુદેવ અને ગુરુજીની કૃપાએ પિતાશ્રી મહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા તે સમજણથી ધીરજ રાખી શક્યા.

આ બાજુ અજ્ઞાની કુટુંબીજનો બોલવા લાગ્યા કે, ''આ ભગવાનભાઈનાં છોકરાં કેવાં છે ? બાપા ગયાનું દુઃખેય નથી.'' છતાં બંને ભાઈઓએ કોઈના શબ્દો કાને ન ધરતાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ પાયેલા સિદ્ધાંતોમાં અડગ રહ્યા. આમ, ગુરુદેવે સિદ્ધાંતવાદી હરિભક્ત સમાજની રચના કરી છે.

•••

ઉમરેઠના પ્રસાદીના મુક્ત નંદુભાઈના વંશજ ડૉ. નવીનચંદ્ર શેલત કે જેઓને બાળપણથી જ મોક્ષ પામવાની ઉત્કૃષ્ટ મુમુક્ષુતા ઝળકતી હતી. વારસામાં જ સ્વામિનારાયણિય સત્સંગ મળેલો. તેઓ પ્રભુ પામવાની એકમાત્ર તીવ્ર ઝંખનાથી મોટા મંદિરે રંગમહોલના ઘનશ્યામ મહારાજનું પ્રતિદિન ધ્યાન કરતા પરંતુ તેમને મહારાજના સુખનો અનુભવ થતો ન હતો.

એક દિવસ તેઓ ધ્યાન કરતા હતા. તે વખતે જ ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેમને જોયા અને પાછળથી ખભે હાથ મૂકી પૂછ્યું, ''તમે શું કરો છો ?'' ગુરુદેવના આ શબ્દોમાં કંઈક નવીનતમ દિવ્યતાનો અહેસાસ થતાં નવીનચંદ્રભાઈએ આંખો ખોલી દીધી. સામે ગુરુદેવ પ.પૂ. બાપજી હતા. તેઓને ગુરુદેવ પ.પૂ. બાપજીનાં પ્રથમ દર્શને જ અદ્ભુત શાંતિનો અનુભવ થયો અને મનોમન દૃઢ થઈ ગયું કે, 'આ એ જ સાચા સંત છે જે મને અનુભવના માર્ગે આગળ વધારશે.' ગુરુદેવ પ.પૂ. બાપજી તેમને પોતાના આસને લઈ ગયા અને ધ્યાન અંગે થોડી પૂછતાછ કરી, ''ભગત, કઈ લટકે ધ્યાન કરો છો ?''



''સ્વામી, હું તો મહારાજને સામે ધારીને ધ્યાન કરું છું.''

''તમે તો અનુલોમ લટકે ધ્યાન કરો છો. એ લટકે તો પરમએકાંતિકની સ્થિતિ પ્રાપ્ત થાય અને પરમએકાંતિકનું સુખ તો બિંદુ જેટલું જ છે. એથી પર અનાદિમુક્તની લટકે અર્થાત્ રસબસભાવે, એકમેકપણે એટલે કે મૂર્તિરૂપ થઈ મૂર્તિમાં રહી ધ્યાન થાય તો અનાદિમુક્તની સ્થિતિ થાય. આપણે એ રીતે ધ્યાન કરવું.''

ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેમને અનુલોમ ધ્યાનની લટક છોડાવી પ્રતિલોમ ધ્યાનની લટક શીખવી. સાથે અનહદ કૃપાનો ધબ્બો વરસાવતાં આશીર્વાદ આપ્યા કે, ''જાવ, આજથી મહારાજ તમને પ્રતિલોમપણે મૂર્તિસુખનો અનુભવ કરાવશે.'' તે જ દિવસથી તેમને ધ્યાનમાં શ્રીજીમહારાજની દિવ્ય તેજોમય મૂર્તિનાં પ્રતિલોમપણે દર્શન થવા લાગ્યાં. તેઓ પોતે ગુરુદેવ પ.પૂ. બાપજીના આશીર્વાદે થયેલી અનુભૂતિને વર્ણવતાં કહેતા, ''બાપજીએ જે દિવસથી આશીર્વાદ આપ્યા તે દિવસથી મને મહારાજની દિવ્યાતિદિવ્ય તેજોમય મૂર્તિનાં દર્શન થવા લાગ્યાં. જે સુખમાં અનંત અનાદિમુક્તો એકમેકપણે, ઓતપ્રોતપણે, રસબસભાવે, એકકાળાવિચ્છિન્ન ને વાણાતાણાની પેઠે મૂર્તિના સુખમાં રમણ કરી રહ્યા છે એ જ દિવ્ય સુખમાં મને પણ ગરકાવ કરી દીધો !''

તેઓના દીકરા પ.ભ. હિમાંશુભાઈ શેલત ઘણી વખત કહેતા કે, ''પિતાજી દિવસે તો ઘણી વખત ધ્યાનમાં લીન રહેતા પણ રાત્રે ઊઠીને જોઉં તોપણ ઘણી વખત પથારીમાં બેઠા બેઠા ધ્યાન કરતા જ દર્શન થતાં.'' આમ, ગુરુદેવ પ.પૂ. બાપજીએ શ્રીજીમહારાજના સ્વરૂપની નિષ્ઠા તો દૃઢ કરાવી પરંતુ આવા ઉત્કૃષ્ટ મુમુક્ષુને અનાદિમુક્તની લટક આપી મૂર્તિસુખમાં ગરકાવ પણ કર્યા હતા.

•••

**સિદ્ધાંત એ સત્સંગનો પ્રાણ છે.**

"સ્વામી, ઊઠો અમારે તમને એક અગત્યની વાત કરવી છે." ગુરુદેવ પ.પૂ. બાપજીએ ઘનશ્યામનગર મંદિરે રાત્રે ૨ વાગ્યે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને ઉઠાડીને કહ્યું. ગુરુજી ઊઠ્યા અને ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેમનો હસ્ત પકડી મંદિરના પાછળના ભાગમાં લઈ જઈ બેસાડ્યા અને કહ્યું,

"સ્વામી, આ સંકલ્પ મહારાજનો છે. મહારાજે આપણને બંનેને એમના સિદ્ધાંતો-સંકલ્પોને પૂરા કરવા જ મોકલ્યા છે. તમે અમને વચન આપો કે આપણી સંસ્થામાં આજે કે ભવિષ્યમાં ભગવાન એક સ્વામિનારાયણ જ રહેવા જોઈએ. સત્પુરુષનું મહાત્મ્ય સત્પુરુષ તરીકેનું જ હોવું જોઈએ; ભગવાન તરીકે નહીં. આટલું અમને વચન આપો." ગુરુજીએ ગુરુદેવના હસ્તમાં હસ્ત મૂકી વચન આપ્યું ત્યારે ગુરુદેવ બાપજીને જંપ વળ્યો.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ પોતાના સમગ્ર જીવનકાળ દરમ્યાન એક સ્વામિનારાયણ ભગવાનની જ શુદ્ધ ઉપાસના દૃઢ કરાવી છે. પોતે તો પોતાનો મહિમા ભગવાન તરીકે પ્રસ્થાપિત કર્યો નથી પણ ભવિષ્યમાં પણ જે તે વખતના સત્પુરુષ ગુરુ રૂપે વિચરતા હોય તેમનો પણ ભગવાન તરીકેનો મહિમા સમાજમાં પ્રસ્થાપિત ન થાય તેની બાંયધરી ગુરુજી પાસેથી લઈ શ્રીજીમહારાજની અજોડ ઉપાસનાના સિદ્ધાંતને નક્કર આકાર આપ્યો છે. આમ, ગુરુદેવે મુમુક્ષુને જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય સ્વરૂપ એવા ભગવાન સ્વામિનારાયણમાં જોડી તેની અધ્યાત્મ સાધના ખૂબ જ ટૂંકી અને સલામત બનાવી છે.


• • •

ગુરુદેવ પ.પૂ. બાપજીએ શ્રીજીમહારાજના સર્વોપરી સિદ્ધાંતોને માત્ર આકાર જ આપ્યો નથી પરંતુ જબરજસ્ત ક્રાંતિ સર્જી છે. ગુરુદેવ પ.પૂ. બાપજી કહેતા, "આ બ્રહ્માંડનું સર્જન થયું ત્યારથી સ્વામિનારાયણ ભગવાનની આવી શુદ્ધ, સર્વોપરી અને અજોડ ઉપાસના આવી નથી." આ સિદ્ધાંતો સંત-હરિભક્ત સમાજમાં દૃઢ થાય તે માટે અવરભાવની જૈફ વયે પણ સુરેન્દ્રનગર, સુરત, વડોદરા આદિ સેન્ટરોમાં બે-ત્રણ દિવસની જ્ઞાન શિબિરો કરવા પધારતા. જ્યારે અવરભાવનું લાંબું વિચરણ બંધ થયું ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી અમદાવાદ સ્થિત તમામ એસ.એમ.વી.એસ. મંદિરોમાં તથા સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે દર અઠવાડિયે વાર મુજબ પધારી પ્રાતઃ સભા દ્વારા સૌને સિદ્ધાંતોથી ભરી દેતા. જ્યારે અવરભાવમાં સંપૂર્ણ વિચરણ બંધ થયું ત્યારે ગુરુદેવ બાપજી ચુનંદા કિશોરો-યુવકોને દર ગુરુવારે વાસણા ખાતે જ્ઞાનસભામાં બોલાવી શ્રીજીમહારાજના જ્ઞાન અને સિદ્ધાંતોની દૃઢતા કરાવતા.

કારણ સત્સંગના આ સિદ્ધાંતો પર સંસ્થા આજે અને ભવિષ્યમાં મુસ્તાક (મક્કમ) રહે તે હેતુથી જ ગુરુદેવ પ.પૂ. બાપજીએ પોતાના ત્યાગી શિષ્ય વર્ગને પુરાણી, શાસ્ત્રી કે વાચસ્પતિ કર્યા નથી. માત્ર એક વચનામૃત જ ભણાવી સિદ્ધાંતોમાં પાકા કર્યા છે. સંસ્થાનું આદ્ય મંદિર ઘનશ્યામનગર, મુખ્ય મંદિર વાસણા તથા અન્ય તમામ મંદિરો શુદ્ધ ઉપાસનાએ યુક્ત કર્યાં છે. એટલું જ નહિ, શુદ્ધ શાસ્ત્રો અને શુદ્ધ ઉપદેષ્ટાની રચના કરી છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ એક વખત ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને કહ્યું, "સ્વામી, શ્રીજીમહારાજના લીલાચરિત્રોથી ભરપૂર ગ્રંથો તો સંપ્રદાયમાં ઘણાં છે પરંતુ એકમાત્ર મહારાજના સ્વરૂપની નિષ્ઠા તથા અનાદિમુક્તની સ્થિતિની દૃઢતા થાય તેવો એકેય ગ્રંથ નથી. આપણે એવો એક ગ્રંથ રચવાની ઈચ્છા છે." ગુરુદેવના આ સંકલ્પને અધ્ધર ઝીલી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સંતોને વાત કરી અને ગુરુદેવના સંકલ્પ મુજબ ગ્રંથ લખવાની શરૂઆત કરાવી. સ્વયં ગુરુદેવ પ.પૂ. બાપજીએ આ 'સ્વરૂપનિષ્ઠા' ગ્રંથના લેખન કાર્ય, માર્ગદર્શન કાર્ય માટે કલાકોના કલાકો સમય ફાળવ્યો છે. 'સ્વરૂપનિષ્ઠા' પુસ્તક દ્વારા આ કારણ સત્સંગના સિદ્ધાંતો યાવદ્ચંદ્રદિવાકરૌ યથાર્થ જળવાયેલા રહેશે.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ પોતાની અવરભાવની હયાતીમાં જ એવો શુદ્ધ સર્વોપરી નિષ્ઠાવાળો સમાજ ઊભો કર્યો છે કે જે ગમે તેવા સમય-સંજોગમાં પણ એક શ્રીજીમહારાજને વિષે જ દૃઢ ટેક અને નિષ્ઠા રાખે. શ્રીજીમહારાજે ગુરુદેવ પ.પૂ. બાપજી દ્વારા ઉપાસના શુદ્ધિના અજોડ સિદ્ધાંતની સ્થાપના કરવા ધાર્યું હતું તે કાર્ય ગુરુદેવ પ.પૂ. બાપજીએ યથાર્થ પૂર્ણ કર્યું છે અને અનાદિમુક્તની સ્થિતિના સિદ્ધાંતોનું કાર્ય વર્તમાનકાળે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી આગળ ધપાવી રહ્યા છે.



સિદ્ધાંત એ સર્વે કાર્ય-પ્રવૃત્તિનું કારણ છે.

# આપ્યો વ્યવહારકુશળતાનો આકાર



શ્રેષ્ઠ શિલ્પી મૂર્તિને ઘડી ઘડી આકાર આપી, પૉલિશ કરી તેને સુંદરતા પણ આપે છે તેમ અધ્યાત્મ અને વ્યવહારના અજોડ શિલ્પી ગુરુદેવ પ.પૂ. બાપજીએ પોતાના સંતો-હરિભક્તોને માત્ર શ્રીહરિની નિષ્ઠા-ઉપાસનાની દૃઢતા કરવાની, હાથમાં માળા લઈ ભજન-ભક્તિ કરવાની જ પ્રેરણા નથી આપી. સંતો-ભક્તોનાં આદર્શ જીવન કરવા રોજિંદા જીવનમાં ઉપયોગી એવા કરકસર, ચીવટ, આપસૂઝ, વિવેક-મર્યાદા, આર્થિક લેતી-દેતીના વ્યવહાર કરવાની રીત વગેરેમાં કેવી વ્યવહારકુશળતા રાખવી તે પણ શીખવ્યું છે. એટલે જ માત્ર તેઓની નિકટ રહેનારને જ નહિ, પ્રથમ મુલાકાત કે દર્શનમાં આવનારને પણ ગુરુદેવના પરભાવી વ્યક્તિત્વની સાથે સાથે તેઓનું અવરભાવી વ્યક્તિત્વ પણ એટલું જ પ્રતિભાશાળી અનુભવાતું. અવરભાવના વ્યક્તિત્વના પ્રભાવે જ તેઓને ગુરુદેવના પરભાવી સ્વરૂપની હા પડી જતી.

ગુરુદેવના સાંનિધ્યમાં સંતો-હરિભક્તોને હાલતાં-ચાલતાં, સેવા દરમ્યાન, વિચરણમાં, જાહેરમાં કે એકાંતે પળે પળે વ્યવહારિક ઘડતરના પાઠ શીખવા મળતા. એવા અનંત પ્રસંગોમાંથી કેટલાક પ્રસંગનું પાન કરીએ.

તા. ૭-૨-૧૦૧૫ના રોજ સવારે ૬:૩૦ વાગ્યે ગુરુદેવ પ.પૂ. બાપજી વાસણાથી ઈસનપુર પ્રાતઃ સભાનો લાભ આપવા માટે પધારી રહ્યા હતા. ગુરુદેવ આસનેથી બહાર પધાર્યા ત્યારે પૂ. સંતો ધ્યાન કરતા હતા. દિવ્યભાવે સંતોનાં દર્શન કરવા ગુરુદેવે એ તરફ દૃષ્ટિ રેલાવી. ગુરુદેવે જોયું કે સંતો નેત્ર બંધ કરી ધ્યાન જ કરી રહ્યા હતા એટલે જોડેવાળા હરિભક્તને કહ્યું, “સંતો ધ્યાન કરવા બેઠા છે ત્યાં લાઈટની જરૂર લાગતી નથી. જાવ, જઈને બંધ કરી દો. આટલામાંથી તો મંદિર થઈ જાય. ઠાકોરજીના દ્રવ્યનો દુર્વ્યય ન કરાય.”

ત્યારબાદ આ હરિભક્ત જ્યારે પણ કોઈ લાઈટ-પંખો વધારાનો ચાલુ જુએ તો તરત જ ગુરુદેવનું વચન સ્મૃતિપટ પર આવી જાય કે, ‘આટલામાંથી તો મંદિર થઈ જાય.’ પરિણામે તેમનું પણ કરકસરનું અંગ પડી ગયું. જેના ઘડતર પાછળ ગુરુદેવનો ફાળો વિશેષ હતો.

એ જ રીતે એક રૂમમાંથી બીજા રૂમમાં જતાં કોઈ લાઈટ -પંખા બંધ ન કરે અને તેને એવું થાય કે હું હમણાં પાછો જ આવું છું ને ! તો તરત ગુરુદેવ કહેતા, “બીજા રૂમમાં જઈએ ત્યારે લાઈટ-પંખા અવશ્ય બંધ કરવાં. પાછા આવીએ ત્યારે ચાલુ કરવાં. એમાં ક્યાં હૅન્ડલ મારવું પડે છે?” આમ કહી કાયમી સંભારણું આપી દેતા.

•••

તા. ૨૨-૨-૨૦૧૫ના રોજ વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી ઠાકોરજી જમાડ્યા બાદ પૂ. સંતો સાથે ગોષ્ઠિમાં બિરાજ્યા હતા. સેવક સંતે આવી ગુરુદેવને લીલી દ્રાક્ષના દાણા જમાડવા માટે આપ્યા. ગુરુદેવે બે દાણાની સેવા અંગીકાર કરી કહ્યું, “સ્વામી, આ બધા સંતોને પ્રસાદી આપો.” સેવક સંત બધા સંતોને વારાફરતી પ્રસાદી આપવા ગયા પણ તેમણે સૌપ્રથમ નજીક બેઠેલા નાના સંતોને પ્રસાદી આપી, પછી દૂર બેઠેલા વડીલ સંતોને પ્રસાદી આપવા માંડી એટલે ગુરુદેવે સંતને નજીક બોલાવી ધીમેથી કહ્યું, “સ્વામી, પહેલાં મોટેરા સંતોને અપાય; પછી બીજા સંતોને આપવા જવાય. રાજી રહેજો હોં પણ આ વિવેક-મર્યાદા છે. વડીલ સંતોની મર્યાદા હંમેશાં જાળવવી.”


•••

એક દિવસ એક નાના સંત સ્ટીલના બાંકડા પર બેસી વાંચન કરતા હતા. કોઈ નવા હરિભક્ત આવી સંતની બાજુમાં જ બાંકડા પર સમકક્ષ બેસી વાત કરવા લાગ્યા. સંત તેમને સત્સંગની વાત કરતા હતા. ગુરુદેવે આ જોયું. સંત જ્યારે સંતાશ્રમમાં આવ્યા ત્યારે ગુરુદેવે તરત અનુસંધાન અપાવ્યું, “સ્વામી, આપણે હરિભક્તો સાથે એક આસન પર ન બેસાય. ગૃહસ્થને અડીને તો ક્યારેય ન બેસાય. તેમનાથી છેટા બેસી સત્સંગ કરાવવો. એક આસને ન બેસવું.”

આમ, ગુરુદેવ વ્યવહારિક બાબતમાંય ઝીણી ઝીણી સૂઝ આપવાનું ચૂકતા નહીં.

•••

તા. ૧૯-૨-૨૦૧૫નો દિવસ હતો. ગુરુદેવ પ.પૂ. બાપજી વાસણા મંદિરે બિરાજ્યા હતા. એક સેન્ટરમાંથી પૂ. સંતો કોઈક કારણસર વાસણા આવેલા હતા. પૂ. સંતો સેન્ટરમાં પરત થાય તે પૂર્વે ગુરુદેવના આસને દર્શન કરવા ગયા. ગુરુદેવે સંતોને પોતાની પાસે બેસાડ્યા અને ભલામણનાં વચનો કહેવા માંડ્યાં, “સંતો, આ સેન્ટરમાં ખર્ચા બહુ થાય છે. હરિભક્તો અકાઉન્ટ રિપોર્ટ ભરે તે ક્યારેય ચેક કરો છો? ન કરતા હોય તો કરવો જોઈએ.




હવેથી અકાઉન્ટ રિપોર્ટ અવારનવાર ચેક કરતા રહેજો. ખોટા ખર્ચા ન થાય, ઠાકોરજીના રૂપિયાનો દુર્વ્યય ન થાય તેનું ધ્યાન રાખજો અને હરિભક્તોને રખાવજો. દરેક જગ્યાની માહિતી આપણને હોવી જોઈએ. કેટલી આવક થઈ ? કેટલો ખર્ચ થયો ? જેથી ભૂલમાં પણ કોઈનું મન ચળી ન જાય ને ખોટું ન થઈ જાય. ભલે આપણે પૈસો અડવાનો, રાખવાનો કે પોતાનો કરીને રખાવવાનો નથી પરંતુ ઠાકોરજીનો પૈસો ક્યાંય આડોઅવળો ન વપરાઈ જાય તેનું ટ્રસ્ટી બનીને, ઠાકોરજીના સેવક બનીને ધ્યાન તો રાખવું જ જોઈએ. એ પણ સત્સંગની સેવા છે.''

આમ, ગુરુદેવ કથાવાર્તા દ્વારા મહારાજના સ્વરૂપની ઓળખાણ કરાવવાના જેટલા આગ્રહી તેટલા જ આગ્રહી મંદિર વહીવટની પ્રવૃત્તિમાં ધ્યાન રાખવા-રખાવવામાં પણ હતા. ગુરુદેવે એક એક સંતને અને વહીવટદારને વ્યક્તિગત બેસાડી ટકોર કરી ઘડતર કર્યું છે અને શુદ્ધ વ્યવહાર કરતા શિખવાડ્યું છે.

• • •

વાસણા મંદિરે ગુરુદેવ પ.પૂ. બાપજીનો નિત્યક્રમ હતો. ગુરુદેવ પ.પૂ. બાપજી રાત્રે નવ વાગે પોઢી જતા પણ મોડા લઘુ કરવા ઊઠતા ત્યારે અવશ્ય લૉક ચેક કરતા. એક દિવસ મોડી રાત્રે તેઓ લઘુ કરવા ઊઠ્યા અને લૉક ચેક કરવા પધાર્યા ત્યારે જોયું તો સંતો પોઢી ગયેલા અને લૉક મારવાનું રહી ગયું હતું. આથી ગુરુદેવ સંતો જ્યાં પોઢેલા તે રૂમમાં પધાર્યા અને ચરણનો અંગૂઠો પૂ. પૂર્ણસ્વામીના ઓશીકા નીચે ભરાવી ઓશીકું હલાવી સ્વામીને જગાડ્યા ને પૂછ્યું, ''સ્વામી, છેલ્લે તમે હતા ?'' પૂ. પૂર્ણસ્વામીએ કહ્યું, ''ના બાપજી.'' એટલે ગુરુદેવે કહ્યું, ''ભલે, પોઢી જાવ.'' ત્યાંથી ગુરુદેવ સીધા પૂ. મહિમાસ્વામીની પથારી આગળ પહોંચ્યા. એમને પણ એ જ આગવી અદાથી જગાડીને પૂછ્યું, ''સ્વામી, તમે છેલ્લા હતા ?'' તેઓએ પણ કહ્યું, ''ના બાપજી.'' એટલે ગુરુદેવ પહોંચ્યા પૂ. વૈરાગ્યસ્વામી પાસે. સ્વામીને જગાડી પૂછ્યું, ''સ્વામી, તમે છેલ્લે..?'' પૂ. વૈરાગ્યસ્વામીએ બે હાથ જોડી કહ્યું, ''હા બાપજી. હું છેલ્લે હતો. રાજી રહેજો. લૉક મારવાનું ભૂલી ગયો છું.'' આ સાંભળી ગુરુદેવ જરા હસ્યા અને રાત્રે જ દોઢ કલાક તેમને લાભ આપ્યો. લૉક મારવાનું મહત્ત્વ સમજાવ્યું. લૉક ન મારીએ તો કેવાં નુકસાન થાય તે સમજાવ્યું.



જેમ શિલ્પી મૂર્તિ ઘડતા એક નાનોસરખો ભાગ પણ પૉલિશ કરવાનો, આકાર આપવાનો બાકી ન રાખે તેમ ગુરુદેવ તાળું મારવા જેવી નાનીઅમથી વ્યવહારિક બાબત શીખવવામાં પણ રસ લઈ ઊંડા ઊતર્યા છે અને તેનાં અંગ પડાવ્યાં છે.

• • •

એક સેન્ટરમાં બે હરિભક્તોએ ભાગીદારીમાં નવો ધંધો શરૂ કર્યો. વ્હાલા ગુરુદેવ તે સેન્ટરમાં પધાર્યા ત્યારે બંને હરિભક્તોએ ગુરુદેવને પેઢીએ પધરામણી કરવા માટે પ્રાર્થના કરી. તેમની પ્રાર્થનાનો સ્વીકાર કરી ગુરુદેવ તેમની પેઢીએ પધાર્યા. હરિકૃષ્ણ મહારાજને ઑફિસમાં ટેબલ પર બિરાજમાન કર્યા, આરતી કરી. ગુરુદેવ આસન પર બિરાજ્યા અને તરત જ પ્રથમ પ્રશ્ન પૂછ્યો, ''આપણા શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે હંમેશાં પિતા, પુત્ર, મિત્ર સાથે પણ સાક્ષીએ સહિત લખાણ કર્યા વિના વ્યવહાર કરવો નહીં. તો તમે બંનેએ મહારાજની આજ્ઞા પ્રમાણે ભાગીદારીનું લખાણ ક્યાંય કર્યું છે ?'' બંને હરિભક્તોએ કહ્યું, ''ના બાપજી. હવે કરી લઈશું.'' ગુરુદેવે દૃઢતાથી કહ્યું, ''ના, પછી નહિ અત્યારે જ. પહેલાં લખાણ કરો પછી ધંધાનાં કામ આગળ કરજો.'' વ્યવહારમાં પાછળથી પૈસાની લેવડ-દેવડના પ્રશ્નો ન સર્જાય તે હેતુથી ગુરુદેવે આવા તો અનેક હરિભક્તોને સાક્ષીએ સહિત લખાણ કરીને જ વ્યવહાર કરવાની ટેવ પડાવી છે.

આમ, ગુરુદેવની વ્યવહારકુશળતાથી અનેકને વ્યવહારકુશળતાની પ્રેરણા મળી છે. આપણે પણ આપણા જીવનમાં ક્યાંક મૌખિક વ્યવહાર થતા હોય તો લેખિતમાં કરવાની ટેવ પાડીએ.

**વાચક નોંધ**

વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્ય દિન ઉપક્રમે મળેલા દિવ્યપુરુષ માટે મહિમાસભર થવાય તથા તેઓના અનંત કલ્યાણકારી ગુણોમાંથી અલ્પ ગુણોનું દર્શન થાય તે માટે માર્ચ-એપ્રિલ માસનો ઘનશ્યામ અંક સંયુક્ત વિશેષાંક રૂપે પ્રકાશિત થયેલ છે. જેથી એપ્રિલ માસનો અંક પ્રકાશિત થશે નહીં. હવેનો ઘનશ્યામ અંક મે માસમાં પ્રકાશિત થશે. જેની સર્વે વાચક મુક્તોએ નોંધ લેવી.



ધીરજ માગી લેતું શિક્ષણ એટલે ઘડતર.

# શિલ્પીએ આપ્યા આદર્શ શિલ્પી



સર્વે કળાઓમાં શ્રેષ્ઠ એવી 'જીવનઘડતરની કળા' ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રથમથી જ હસ્તગત હતી. જીવન પર્યંત તેમણે મુમુક્ષુ સંત-હરિભક્તના જીવન વિકાસની સેવા ખૂબ ધીરજ અને ખંતથી કરી છે. તેમાં ન તો તેઓ થાક્યા, ન તો થંભ્યા, ન તો કંટાળ્યા, ન તો આળસ્યા. કેવળ ધીરતા ધારી આકારવિહીન શિલા જેવા અનેક અણઘડ મુમુક્ષુઓના જીવનમાં આજ્ઞા, ઉપાસના, આત્મનિષ્ઠા, નિયમ-ધર્મ, વિવેક-મર્યાદા અને સંસ્કાર જેવા ઉચ્ચ આદર્શોનો સુંદર આકાર આપ્યો છે. જેની ઝાંખી આપણે અગાઉના લેખ દ્વારા કરી.

ગુરુદેવ પ.પૂ. બાપજીની આ જીવનઘડતરની યાત્રામાં યુગોના યુગો સુધી અનંતાનંત મુમુક્ષુઓના ચૈતન્યનું શુદ્ધીકરણ થયા કરે અને અનાદિમુક્તની સ્થિતિ પામી પરમાત્મા ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપમાં જોડાયા કરે તેથી પ્રથમથી જ પોતાની પાછળ આદર્શ શિલ્પી સમાન પોતાના અનુગામી સત્પુરુષ વ્હાલા ગુરુજીના હસ્તમાં એસ.એમ.વી.એસ. સમાજના જીવનઘડતરની સેવાનું સુકાન સોંપી આ યાત્રાને આગળ ધપાવવાનું વિરલ કાર્ય અવિરત ચાલુ રાખ્યું છે.

વર્તમાનકાળે વ્હાલા ગુરુદેવ નિર્મિત આ દિવ્ય શિલ્પકળાને દિવ્ય શિલ્પી વ્હાલા ગુરુજી ખૂબ કુનેહથી આગળ ધપાવી રહ્યા છે. ગુરુદેવના જેવી જ સૂક્ષ્મ દૃષ્ટિ અને અજોડ ભક્તવત્સલતા તેઓમાં વિલસી રહી છે. વ્હાલા ગુરુદેવમાં જે શિલ્પકળાનાં દર્શન થતાં તેવી જ શિલ્પકળાનાં દર્શન વ્હાલા ગુરુજીમાં પણ આબેહૂબ થઈ રહ્યાં છે. જેની પ્રતીતિ સમગ્ર એસ.એમ.વી.એસ. સમાજને થઈ રહી છે. ચાહે પછી તે સાધુતાની બાબત હોય કે ચારિત્ર્યની, વ્યવહારકુશળતાની બાબત હોય કે આધ્યાત્મિકતાની, ભક્તપણાને આકાર આપવાની બાબત હોય કે સિદ્ધાંતને ઓપ આપવાની. દરેક બાબતમાં ગુરુદેવ અને ગુરુજીની ઘડતર કરવાની કળામાં સહજ સામ્યતાનાં દર્શન થાય. વ્હાલા ગુરુજીની ઘડતર કરવાની રીત અને શૈલી અસાધારણ છે. આવો, કેટલાક પ્રસંગો દ્વારા જોઈએ કે આ દિવ્ય શિલ્પીએ કેવી રીતે ઘડ્યા છે? ને કેવા ઘડી રહ્યા છે?

**• વ્યવહારકુશળતાની શિલ્પકળાનાં દર્શન**

શિલ્પી જેમ પથ્થરમાંથી મૂર્તિ બનાવવા જુદાં જુદાં પ્રકારનાં ટાંકણાં અને હથોડીનો ઉપયોગ કરે છે તેમ વ્હાલા ગુરુજી પણ દરેકનું ઘડતર એક જ પ્રકારની પદ્ધતિથી કરતા ન જણાય. દરેકની પાત્રતા પ્રમાણે જુદાં જુદાં માધ્યમ અપનાવી તેમને સર્વાંગપૂર્ણ કરવાના પ્રયત્નો કરતા હોય છે. કોઈને ઉપદેશથી, કોઈને ટકોરથી, કોઈને નારાજગીના ભાવ દર્શાવીને તો કોઈને રાજીપો દેખાડીને, કોઈને પ્રશ્નોત્તરીથી તો કોઈને વાસ્તવિકતાની સભાનતા કરાવીને.



તા. ૨૧ ડિસેમ્બર, ૨૦૧૨થી ૨૮ ડિસેમ્બર, ૨૦૧૨ સુધી સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે એસ.એમ.વી.એસ. સંસ્થાનો રજત જયંતી મહોત્સવ ઊજવાઈ ગયો. એ પૂર્વે તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ વ્હાલા ગુરુજી મુખ્ય કોઠારની વિઝિટમાં પધાર્યા હતા. વ્હાલા ગુરુજીએ કોઠારની સેવા સંભાળતા મુખ્ય કોઠારીને કહ્યું, "કોઠારની સેવા ખૂબ ચીવટથી સંભાળવી. સ્ટૉકની ગણતરી રાખવી. કઈ વસ્તુ આવે છે ? કેટલો વપરાશ થાય છે ? તે બધાનું લખાણ રાખવું. કોઠારનું રિપોર્ટિંગ બરાબર થાય છે ને ?? લાવો અમને ચેક કરવા આપો." કોઠારી મુક્તે કોઠારનું સ્ટૉક પત્રક તથા રિપોર્ટ ગુરુજીને દૃષ્ટિ કરવા માટે આપ્યાં.

વ્હાલા ગુરુજીની સૂક્ષ્મ દૃષ્ટિમાં અલ્પ ભૂલ પણ પકડાયા વગરની રહે જ નહીં. ચોપડો હસ્તમાં લેતાંની સાથે જ ગુરુજીએ કહ્યું, "ભગત, આ પાંચ કિલોના સીંગદાણાનું શું?"

કોઠારી મુક્તે નજીક આવી પત્રક હાથમાં લઈ જોયું અને ભૂલ કબૂલ કરતાં બોલ્યા, "સેવકની ભૂલ રહી ગઈ છે. રાજી રહેજો. હવે ધ્યાન રાખીશું."

વ્હાલા ગુરુજીએ એ જ વખતે દૃષ્ટિ આપતાં ભલામણ કરી કે, "કોઠારની સેવા કરનાર સર્વે સભ્યોએ સેવામાં ખૂબ ચીવટ અને ચોકસાઈ રાખવી. આ સેવામાં સહેજ પણ ગરબડગોટાળો કે પ્લસ-માઈનસ ન ચાલે. તમારે એવું ચલવી ન લેવું. ચોકસાઈપૂર્વકનું કામ કરીએ તો મહારાજ અને ગુરુદેવ રાજી થાય."

આમ, વ્હાલા ગુરુજી અરસપરસના વ્યવહારમાં તથા વહીવટી ક્ષેત્રે સેવાકાર્યમાં કેવી વ્યવહારકુશળતા કેળવવી તેની પળે પળે નિકટના સંત-હરિભક્ત સમાજને દૃષ્ટિ આપ્યા વિના રહી શકે જ નહીં.

•••

તા. ૪-૧૨-૨૦૨૫ના રોજ વાસણા મંદિર ખાતે પૂનમનો સમૈયો હતો. આ દિવસે વ્હાલા ગુરુજીની સભા બાદ એક નાના સંત ઍનાઉન્સિંગ કરવા પોડિયમ પર આગળ આવ્યા. તેઓની

સંત દીક્ષા બાદ પ્રથમ વખત તેઓ પૂનમના સમૈયામાં સ્પીચ આપવા ઊભા થયેલા. તેથી જરા ગભરાહટ હતી. જેના પરિણામે મૂર્તિસુખે સુખિયા થયેલા હરિભક્તોનાં નામ બોલવામાં બે-ત્રણ નામમાં ભૂલ થઈ. આથી તેમની પરિસ્થિતિ પારખી ગુરુજીએ આસન પર બેઠા થકા નામમાં સુધારો કરાવ્યો.

વ્હાલા ગુરુજીએ ચાલુ ઍનાઉન્સિંગે સુધારો કરાવ્યો તેથી તે સંત વધારે ગભરાયા. પરંતુ સહૃદયી વ્હાલા ગુરુજીએ ઍનાઉન્સમૅન્ટ પૂર્ણ થયા બાદ તે સંતને પાસે બોલાવી કહ્યું, “સ્વામી, તમે બહુ સરસ સ્પીચ આપી શકો છો. આજે તમે આટલું બોલવાની તક લીધી તેથી અમે બહુ રાજી રાજી થયા. અવારનવાર આવો ચાન્સ લેવો તો વધુ રાજી થઈશું.” ગુરુજીના આ વચનોએ સંતના ભીતરમાં વ્યાપેલો ભય નામશેષ કરી નાખ્યો અને ફરીથી સ્પીચ આપવા માટે સ્ટેજ પર આવવાની નૂતન પ્રેરણા જાગૃત થઈ.

આમ, કથાવાર્તા કરવામાં સંકોચ અનુભવતા કેટલાય નાના સંતોને વ્હાલા ગુરુજીએ આવા પ્રેરણાત્મક શબ્દો કહી ઉત્સવ-મહોત્સવોમાં કથાવાર્તાનો ઝીકો પાડી દેતા સહજાનંદી સિંહ સમા બનાવી દીધા છે.

**• સંસ્કૃતિ અને ચારિત્ર્યની શિલ્પકળાનાં દર્શન**

શિલ્પકળામાં જ્યારે પથ્થરમાં તિરાડ પડે ત્યારે તે મૂર્તિ ખંડિત ગણાય છે. તેથી શિલ્પી તેનામાં અલ્પ તિરાડ ન પડે તેની ખૂબ તકેદારી રાખે છે. તેમ જ્યારે આપણા પારિવારિક સંબંધોમાં તિરાડ પડે છે ત્યારે આપણું જીવન રાજીપાના માર્ગે ખંડિત થઈ જાય છે. તેથી દિવ્ય શિલ્પી વ્હાલા ગુરુજીએ આવા અનેક તૂટેલા પરિવારોને (શિલ્પોને) એક તાંતણે જોડી રાજીપાના માર્ગે આગળ વધારવામાં ખૂબ ઊંડો રસ લીધો છે.

જ્ઞાનસત્ર-૧૮, ૧૯માં ગુરુજીએ આરંભેલ ‘હેપી ફૅમિલિ’ પ્રૉજેક્ટ તેનું જ્વલંત ઉદાહરણ છે. ગુરુજીએ જ્ઞાનસત્રમાં આ પ્રૉજેક્ટ જાહેર કર્યો પરંતુ ગુરુજી જાણતા હતા કે જે પરિવારોમાં તિરાડ છે તેમને ભેગા કરવા તે એક દિવસની કથાનું કામ નથી. વારંવાર તેની પર ટકોરા મારવા પડશે. તેથી તેઓએ સંકલ્પ સભા તથા પૂનમ સભામાં વારંવાર પારિવારિક સંબંધોમાં સુવાણ રાખવાનો આગ્રહ જણાવ્યે રાખ્યો. વળી, જે પરિવારમાં સંપનું સર્જન થયું હોય તેવા પરિવારોના ગુણાનુવાદ તેમજ રાજીપાદર્શન લઈ સમાજને હેપી ફૅમિલિ કરવાની પ્રેરણા આપતા રહ્યા. પરિણામે અનેક વિખરાયેલા પરિવારો એકત્ર થયા છે.

સુરતના અશ્વિનભાઈ અને તેમના સાળા વચ્ચે વર્ષોથી મનદુઃખનો પહાડ ચણાયેલો હતો. તેઓમાં એકબીજાને જોતાં જ વેરના અગ્નિ પ્રગટતા. સંબંધોમાં તિરાડ નહિ પણ ખાઈ હતી. પરંતુ અશ્વિનભાઈએ જ્ઞાનસત્રમાં, સંકલ્પ સભામાં વારંવાર ગુરુજીના મુખે ‘હેપી ફૅમિલિ’નો સંકલ્પ સાંભળ્યો : ‘તમે સામેથી નમી જાવ અને માફી માગી લો; જો અમને રાજી કરવા હોય તો. માફી માગે એ જ મોટો. સામે ચાલી નમી જવાથી દેહાભિમાન ઘસાય.’ આ ઉપદેશ વચનોએ અશ્વિનભાઈના અહંકાર પર જોરદાર ટકોરા માર્યા. તેઓ તેમના સાળાના ઘેર ગયા અને સામે ચાલી તેમના ચરણમાં નમી પડ્યા અને માફી માગતાં કહ્યું, “આજ સુધી જે કાંઈ થયું તે ભૂલી જાવ. ભૂલ મારી હતી. મારા ગુરુજીએ મને આ સંપ માટેની દિશા આપી છે.” તેમના સાળા તેમનું નિર્માનીપણું, નમ્રતા અને જતું કરવાની ભાવના જોઈ ગદ્‌ગદિત થઈ ગયા અને બંને અરસપરસ ભેટી પડ્યા.

સામાન્ય રીતે વ્યક્તિ માટે સામેથી નમવું સૌથી અઘરું હોય છે પણ ગુરુજીના આ જહેમતભર્યા પ્રૉજેક્ટથી અશ્વિનભાઈના પરિવારમાં વર્ષોનું વેર પળ વારમાં ઓગળી ગયું. સાચા શિલ્પી એ છે જે વ્યક્તિને અંદરથી નરમ બનાવે છે. જેથી તે પ્રેમની મૂર્તિ બની શકે. ગુરુજીએ માત્ર અશ્વિનભાઈનું જ નહિ, એસ.એમ.વી.એસ.ના અનેક પરિવારોનું આ પ્રૉજેક્ટ દ્વારા એવું ઘડતર કર્યું છે જેથી પરિવારના સભ્યો અંદરથી નરમ બન્યા અને અરસપરસ પ્રેમના તાંતણે જોડાયા.

• • •

રાજકોટના એક હરિભક્તે ગુરુજી આગળ પોક મૂકી, “ગુરુજી, હું હમણાં બહુ દુઃખી છું. મારી નિષ્ઠા પાકી છે, AYPનો સભ્ય છું. બજારુ ખાણી-પીણી લેતો નથી. છેલ્લા પંદર વર્ષથી બધું અવળું પડે છે. કંઈ કારણ સમજાતું નથી. મારી જે ભૂલ થતી હોય તે નિધડકપણે મને જણાવો.” ગુરુજીએ કહ્યું, “તમારા મોટા ભાઈ પણ બે-ચાર મહિના પહેલાં આ જ ફરિયાદ લઈને અમારી પાસે આવ્યા હતા. એય બહુ દુઃખી છે. મને કહેશો કે તમારાં માતાપિતા ક્યાં છે?” તે હરિભક્ત બોલ્યા, “પિતાજી ધામમાં અને માતુશ્રી ઘરડા ઘરમાં.” ગુરુજીએ કહ્યું, “આ એનું જ પરિણામ છે. કાલે તમે પણ વૃદ્ધ થવાના છો એ વાત



ભૂલશો નહીં. માબાપની સેવા એ ભગવાનની સેવા બરાબર છે. માબાપની આંતરડી દૂભવીને કોઈ દીકરો સુખી થતો નથી. માટે તમારી માતાને ઘેર લઈ આવો ને અમારા ભાવથી તેમની સેવા કરો.''

ગુરુજી આવા તો અનેક યુવાનોને વ્યક્તિગત કે માતૃ-પિતૃ વંદના પ્રૉજેક્ટ દ્વારા માબાપની સેવા કરવાની દિવ્ય પ્રેરણા આપી રહ્યા છે. જેના દ્વારા અનેક આદર્શ, ગુણિયલ અને સંસ્કારી સુપુત્રો ઘડાયા છે. જેનો શ્રેય ગુરુજીને ફાળે જાય છે.

• • •

ઈ.સ. ૨૦૧૦માં વ્હાલા ગુરુજી વાસણા ઝોનલ શિબિરમાં પધારેલા. સાથે એક સાધકમુક્ત અને ગુરુકુલના બાળમુક્તો પણ આવેલા. રાત્રે ૯ વાગ્યે વ્હાલા ગુરુજી પૂ. સંતો સાથે મિટિંગમાં બિરાજ્યા હતા. એ સમયે ગુરુજીની સૂક્ષ્મ નજર ચોકડીમાં વાસણ ઘસતા સોમાભાઈ અને જયેશભાઈ પર ગઈ.


એટલે ગુરુજીએ સાથે આવેલા સાધક રક્ષિત ભગતને ટકોર કરતાં કહ્યું, ''ભગત, આ બંને વડીલ વાસણ ઘસે છે. એ જોઈ અમને દુ:ખ થાય છે. વડીલો આવી સેવા કરે તે શોભતું નથી. આપણી સાથે જે ગુરુકુલના બાળમુક્તો લાભ લેવા આવ્યા છે તેને માત્ર સાથે ફેરવવા માટે નથી લાવ્યા પણ સેવા કરવાના અંગ પડાવવા લાવ્યા છીએ. સેવા કરશે તો રાજીપો થશે. રાજીપો થશે તો વાસના ટળશે. માટે તમે જાવ અને એ બાળમુક્તોને લઈ વાસણ ઘસાવી દો. તમે અમારી સાથે રહો છો માટે આવી સૂઝ હવે તમારે કેળવવી પડશે.''

આમ, વ્હાલા ગુરુજીએ સાધકમુક્તને સેવાનું મૂલ્ય તથા વડીલોનો આદર કેવી રીતે જાળવી રાખવો તેની રીત શીખવી, ભારતીય સંસ્કૃતિની ખેવના કરી.

• • •

આજના સ્પર્ધાત્મક યુગમાં માણસ ગમે તે ભોગે સફળ થવા ઈચ્છે છે.

એક વખત ગુરુજી પાસે એક સુખી હરિભક્ત આવ્યા, ''ગુરુજી, મારે એક કેમિકલ બનાવવાની કંપની ખોલવી છે. આપ રજા આપો.'' ગુરુજીએ પૂછ્યું, ''તમે ક્યાં કેમિસ્ટ્રી ભણેલા છો? કોણ કેમિકલ બનાવશે? બધું મૅનેજ કોણ કરશે?'' હરિભક્તે સ્પષ્ટતા કરતાં કહ્યું, ''ગુરુજી, અમદાવાદમાં એક જ કંપની આ કેમિકલ બનાવે છે. ત્યાં જે કેમિસ્ટ છે તેની સાથે મારે વાત થઈ ગઈ છે. એને ત્યાં લાખ રૂપિયા પગાર મળે છે. અહીં દોઢ લાખ પગાર આપીશું અને દસ ટકા કંપનીમાં એમનો ભાગ રહેશે.''



ગુરુજીએ નારાજગીના ભાવ સાથે કહ્યું, ''આ તો બહુ ખોટું કહેવાય. એ કંપનીના માલિકે કેટલી મહેનતે કેમિકલનો ફંડા તૈયાર કર્યો હશે ? એ કેમિસ્ટને તૈયાર કરવા વર્ષો સુધી ભોગ આપ્યો હશે ! આવી રીતે તે કંપનીના માલિકની ગુપ્ત રેસિપિ વ્યક્તિને ફોડીને લેવી તે ચોરી કહેવાય. કેમિસ્ટ પણ તમારી ફેવરમાં આવે તો તેણે પણ ગદ્દારી કરી કહેવાય. વિશ્વાસઘાત કર્યો કહેવાય. વિશ્વાસઘાત જેવું કોઈ મોટું પાપ નથી. એનું ભયંકર પરિણામ ભોગવવું પડે.''

હરિભક્તે કહ્યું, ''પણ ગુરુજી, જો હું નહિ લઉં તો એનો બીજો કોઈ ઉપયોગ કરશે.'' હરિભક્તનું આ વાક્ય સાંભળી ગુરુજીએ તેમને જે દૃષ્ટિ આપી તે સત્સંગી માટે ખૂબ ઉપદેશાત્મક હતી. ''ભલે બીજા કરે. તેને તો આવો સત્સંગનો યોગ નથી. પાછા વાળનાર નથી. તમને તો મળ્યા છે. આપણે સ્વામિનારાયણ ભગવાનના ભક્ત છીએ. આપણે તો ન જ કરાય. એ ગદ્દારી કહેવાય.''

પ્રસંગ પરથી સ્વજીવનમાં ચકાસવું કે મારાથી તો આવી ભૂલ ક્યાંય થઈ જતી નથી ને ! ગુરુજી આપણને કાયમ શીખવે છે, 'પારકું પડાવી લેવું એ જગતની રીતિ છે. પણ પોતાનું જતું કરીને નીતિ જાળવવી તે સત્સંગીની રીતિ છે.'

**• ભક્તપણાની શિલ્પકળાનાં દર્શન**

ઈ.સ. ૧૯૮૬માં વાસણા મંદિરના બાંધકામ વખતે એક સત્સંગી કિશોર વ્હાલા ગુરુજી પાસે આવ્યા ને પ્રાર્થના કરી, ''દયાળુ, આજે મારું ઇન્ટરવ્યૂ છે. આપ મહારાજને પ્રાર્થના કરજો કે ૧૩ સીટમાંથી એક સીટ મને મળી જાય.''

વ્હાલા ગુરુજીએ તેમના મુખ સામે એકીટસે જોઈ રહ્યા બાદ કહ્યું, ''અમે તમારા માટે મહારાજને પ્રાર્થના કરીશું તોય મહારાજ અમારી પ્રાર્થના આજે નહિ સાંભળે.'' કિશોરે કહ્યું, ''કેમ ?'' ગુરુજીએ કહ્યું, ''તમે મહારાજનું વચન માનતા નથી. તમે રોજ પૂજા કરો છો ?'' કિશોરમુક્તે કહ્યું, ''હા.'' ફરી ગુરુજીએ પૂછ્યું, ''તિલક-ચાંદલો રોજ કરો છો ?'' મુક્તરાજે કહ્યું, ''ના. એ નથી કરતો.'' ગુરુજીએ કહ્યું, ''બસ એટલે જ મહારાજ અમારી પ્રાર્થના પણ નહિ સાંભળે. આજથી જ તિલક-ચાંદલો કરી દો શરૂ તો મહારાજ પ્રાર્થના સાંભળશે. તિલક-ચાંદલો કરીને જ ઇન્ટરવ્યૂ આપવા જાવ.'' કિશોરમુક્તે કહ્યું,



પારકું પડાવી લેવું તે જગતની રીતિ છે.

"આજે નહિ, કાલથી કરીશ. આજે શરમ આવશે."

ગુરુજીએ ત્યાંથી વાત પૂરી ન કરી પરંતુ આગળ વધારી, "તને તારો તિલક-ચાંદલો ક્યાં દેખાય છે ? પછી શાની શરમ ?" કિશોરે દલીલ શરૂ કરી, "ત્યાં મોટા મોટા સાહેબો હોય." ગુરુજીએ કહ્યું, "ભાઈ, તને જે સાહેબ મળ્યા છે એની આગળ એ સાહેબોની શી વિસાત ? આપણને મળેલા સર્વોપરી સાહેબ (ભગવાન સ્વામિનારાયણ) રાજી થાય એ તારે જોવાનું કે બેંકના સાહેબ રાજી થાય એ જોવાનું. માટે આજે તિલક-ચાંદલો કરીને જ જવાનું છે."

અંતે મને-કમને તેઓ ગુરુજીના હસ્તે તિલક-ચાંદલો કરી ઇન્ટરવ્યૂ આપવા ગયા. ત્યાંના મુખ્ય સાહેબ સ્વામિનારાયણના સત્સંગી હતા. તેમણે કિશોરના કપાળમાં તિલક-ચાંદલો જોઈ તેને નોકરીમાં લઈ લીધો. ત્યારબાદ કિશોર અદ્યપિ પર્યંત તિલક-ચાંદલો કરી રહ્યા છે.

આમ, શ્રીજીમહારાજે પ્રવર્તાવેલી ધાર્મિકતાને અનુસરાવવા વ્હાલા ગુરુજીએ અનેક મુમુક્ષુઓ પાછળ ધીરજતાથી દાખડો કરી તેમને આદર્શ ભક્ત પંક્તિમાં ભેળવ્યા છે.

**• સાધુતાની શિલ્પકળાનાં દર્શન**

કોઈ પણ મૂર્તિ ત્યારે જ સુંદર લાગે જ્યારે તેની કોતરણી અત્યંત ઝીણી અને સ્પષ્ટ હોય. ગુરુજી પણ આપણા જીવનમાં આવી જ ઝીણી કોતરણીના આગ્રહી છે.

તા. ૧૧-૬-૨૦૨૧ના રોજ સંત શિબિરમાં પૂ. સંતોને રાત્રે કીર્તનભક્તિમાં ભગવા રંગની મેડિટેશન ચેર આપવામાં આવી હતી. જેના પર બેસી પૂ. સંતો શિબિરમાં ધ્યાન, એકાંત અને સભાનો લાભ લઈ શકે. ખુરશી પરની ગાદીનો રંગ ભગવો જ હતો એટલે પૂ. સંતોએ તેનો સીધો ઉપયોગ કર્યો. વ્હાલા ગુરુજી કીર્તનભક્તિમાં પધાર્યા અને પૂ. સંતોને આ ખુરશી પર બેઠેલા જોયા. જેવું કીર્તન પૂર્ણ થયું કે તરત ગુરુજીએ ટકોર કરી, "સંતો, ભલે આ ખુરશીનો રંગ ભગવો જ છે પરંતુ મહારાજની આજ્ઞા મુજબ રામપુર ગામની રંગેલી માટીવાળું ભગવું કપડું તો આપણે પાથરવું જ જોઈએ. એ આપણી સાધુતા છે."

આવી નાની નાની બાબતોમાં રોકટોક કરી ગુરુજીએ પૂ. સંતોને સાધુતાના પાઠ ભણાવી સર્વશ્રેષ્ઠ ભગવી સેનાનું નિર્માણ કરી સંપ્રદાયને સાધુતાના ગુણે યુક્ત સંતોની ભેટ આપી છે.


**• સિદ્ધાંત પ્રવર્તનની શિલ્પકળાનાં દર્શન**

વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ સર્વોપરી ઉપાસનાની દૃઢતા કરાવવા રાત્રિ-દિવસ સંતો-હરિભક્તો પાછળ અથાગ દાખડો કર્યો છે. તેવી જ રીતે વ્હાલા ગુરુજીએ પણ સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિ – આ સિદ્ધાંત પ્રવર્તન માટે ખૂબ જહેમત ઉઠાવી છે. સમાજને સિદ્ધાંત આકારે કરવા લોહીની બુંદ બુંદ તેઓ અથાગ વિચરણ કરી સભા, અંગત બેઠક પાછળ વહાવી રહ્યા છે. આ જ સિદ્ધાંતને પુષ્ટિકર્તા રોકટોક કરી સમાજને સિદ્ધાંતસભર રાખવા પ્રયત્નશીલ રહે છે.

એક વખત અમેરિકાથી ઇન્ડિયા પરત પધારતાં ફ્લાઇટની રાહ જોતા ગુરુજી એરપોર્ટ પર ખુરશી પર બિરાજ્યા હતા. ત્યાં આજુબાજુમાં સુંદર ફૂલના છોડ હતા. તેના પર દૃષ્ટિ રેલાવતાં સર્વેને કહ્યું,

"જો આ સુંદર ફૂલો જોઈને તેની સુગંધ લેવાની ઇચ્છા થાય, તેમાં આકર્ષણ થાય તો સમજવું કે હજુ આપણી ઉપાસનામાં ખામી છે." કોઈએ પૂછ્યું કે, "દયાળુ, ફૂલમાં આકર્ષણ થાય તે ઉપાસનામાં કેવી રીતે કસર કહેવાય ?" ગુરુજીએ જણાવ્યું, "મહારાજ સિવાય બીજે આકર્ષણ એ ઉપાસનામાં ખામી જ છે." હરિભક્તે આગળ પૂછ્યું, "પણ આપણે ક્યાં ફૂલની ઉપાસના-ભક્તિ કરવી છે ?" ગુરુજીએ ખુલાસો કરતાં કહ્યું, "સાવ સાચી વાત. પણ સાંભળો, જો શ્રીજીમહારાજને અન્વય-વ્યતિરેકપણે યથાર્થ જાણ્યા હોય તો અન્વયના સંબંધવાળામાં ક્યાંય આકર્ષણ રહે ? મહત્તા રહે ?" બધા સંતો-હરિભક્તો એકીસાથે બોલ્યા, "ના દયાળુ." ગુરુજીએ વધુ સ્પષ્ટતા કરાવવા પૂછ્યું, "તો પછી આ ફૂલનું આકર્ષણ તો સાવ તળિયે છે. ભલે તેની ભજન-ભક્તિ નથી કરતા પણ આકર્ષણ થાય તો ઉપાસના ફરી કહેવાય કે નહીં ?" બધા સંતો-હરિભક્તોએ સંમતિ આપતાં કહ્યું, "હા મહારાજ, મહારાજનું સર્વોપરી યથાર્થ જ્ઞાન જાણ્યા પછી ફૂલનું આકર્ષણ રહે તે ઉપાસના ફરી કહેવાય." આગળ ગુરુજીએ કહ્યું, "માટે આપણને મહારાજે મૂર્તિમાં રાખ્યા તો મૂર્તિ વિના બીજે ક્યાંય આકર્ષણ થવું જોઈએ નહીં."

આવી સૂક્ષ્મ બાબતમાં પણ આપણને મહારાજના સ્વરૂપ સિવાય ક્યાંય પ્રીતિ ન થાય તેનું ગુરુજી સતત અનુસંધાન અપાવે જ. એ જ રીતે સિદ્ધાંતનું બીજું પાસું અનાદિમુક્તની સ્થિતિ પામવા માટે અવરોધક પરિબળોથી દૂર રહેવા પણ ગુરુજી અવશ્ય ટકોર કરે, અનુસંધાન અપાવે જ. જેથી સમાજને



**પોતાનું જતું કરીને નીતિ જાળવવી તે સત્સંગીની રીતિ છે.**

સંસ્થાનો સિદ્ધાંત કદાપિ ગૌણ ન થાય.

• • •

એ જ રીતે વિદેશયાત્રા દરમ્યાન સાથે રહેલા સંતો-ભક્તોને ફ્લાઈટમાં બિરાજ્યા પછી વ્હાલા ગુરુજી અવશ્ય પૂછે, ‘‘આપણે ક્યાંથી બેઠા અને ક્યાં જવાનું છે ?’’ અને પછી તરત જ અનુસંધાન અપાવે કે, ‘‘આપણે મૂર્તિમાં જ બેઠા છીએ. કોઈ સ્થળ-સ્થાન છે જ નહિ તો જવા-આવવાનું ક્યાંથી હોય ?’’ આમ, દેશ-વિદેશના તમામ ભાવો કઢાવી પરભાવની દૃઢતા કરાવે. આમ, ગુરુજી સિદ્ધાંતને જાણવા કે સમજવા પૂરતો ન રહેવા દેતાં અનુભવમાં લેવડાવવાના અતિ આગ્રહી છે.


• • •

તા. ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પ્રથમ ગ્રૂપની સંત શિબિર પૂર્ણ થઈ અને બીજા ગ્રૂપની શિબિર શરૂ થઈ. પ્રથમ ગ્રૂપની શિબિરમાં જે સંતો હતા તે રસોઈની સેવામાં હતા. આ દિવસે બપોરે ગુરુજી ઠાકોરજી જમાડવા સંત રસોડામાં પધાર્યા ત્યારે કોઈ કારણસર સંતો અંદરોઅંદર રમૂજે ચઢેલા એવું ગુરુજીએ જોયું. પોતાના વ્હાલસોયા સંતોને આનંદ કરતા જોઈ એક બાજુ ગુરુજી રાજી થયા પરંતુ જે બ્રહ્મવિદ્યાના ભોમિયા છે એવા ગુરુજીએ પીરસવા આવેલ સંતોને હળવી ટકોર કરી બ્રહ્મવિદ્યાનું અનુસંધાન પણ અપાવી દીધું, ‘‘સંતો, હજુ શિબિર પૂર્ણ થયે અડધો દિવસ પણ ગયો નથી. શિબિરમાં વાત આવી હતી કે એક ક્ષણ પણ મહારાજને આપણાથી અળગા ન મૂકો. મકોડો જેમ સાકરના ગાંગડા પર ચીપકી રહે છે તેમ મહારાજ સાથે પ્રતિલોમભાવે ચીપકી રહો. બોલો આ લેસન કેટલું ચાલે છે ? આનું અનુસંધાન આજના દિવસમાં કેટલું રહ્યું ?’’ આમ કહી સંતોને અખંડ બ્રહ્મભાવમાં રહેવાની મીઠી ટકોર કરી દીધી.

ગુરુજીની આ ટકોરમાં સંતોને પોતા જેવા પુરુષોત્તમરૂપ પાત્ર કરવાના અતિશે આગ્રહનાં દર્શન થાય છે.

• • •

એક વખત રાત્રે ૧૨:૩૦ વાગ્યે વ્હાલા ગુરુજી વિચરણમાંથી સ્વામિનારાયણ ધામ પરત પધાર્યા. એક સંતના આસનની લાઈટ ચાલુ હતી. જે વ્હાલા ગુરુજીએ ધામના મેઈન ગેટ પરથી જોયું. વ્હાલા ગુરુજી મહારાજનાં દર્શન કરી સીધા આ સંતના આસને પધાર્યા. સંતે ગુરુજીને જોતાં જ ચરણસ્પર્શ કરી જય સ્વામિનારાયણ કર્યા. બે હાથ જોડ્યા. ગુરુજીએ પૂછ્યું, ‘‘સ્વામી, હજુ કેમ જાગો છો ?’’ સંતે કહ્યું, ‘‘દયાળુ, એક સેવા છે. અત્યારે જ કરવી જરૂરી છે.’’ ગુરુજીએ પોતાના અંતરનો અભિપ્રાય જણાવતાં કહ્યું, ‘‘સ્વામી, બહુ મોડે સુધી જાગવું નહીં. જેથી સવારે મંગળા, ધ્યાન, માળામાં હાજરી પણ આપી શકાય અને સાધનો હેતુસભર થાય. સ્વવિકાસના ભોગે સંસ્થાવિકાસ પણ ન કરવો. જો સવારનું ધ્યાન ગયું તો ગયું; પછી આખો દિવસ યાદ નહિ આવે અને કદાચ ધ્યાન થશે તોય ઊંઘ અધૂરી રહી હોવાના કારણે મહારાજમાં નહિ જોડાવાય. માટે ગમે તેટલી સેવા હોય તોય સેટિંગ કરીને પણ મોડામાં મોડું ૧૧:૩૦થી ૧૨:૦૦ વાગ્યા સુધીમાં પોઢી જવું. પરવિકાસ કરવામાં સ્વવિકાસ રૂંધાય તેવું ન કરવું. રાજી રહેજો.’’



ઉપરોક્ત પ્રસંગોનું આચમન આપણને અહોભાવમાં ગરકાવ કરી જાય છે કે, અહો ! આવા જાગૃત ગુરુ આપણને સહજમાં મળી ગયા છે. હવે આપણે પથ્થર જેવા અક્કડ ન રહેતાં માટી જેવા મુલાયમ બનીએ અને દિવ્ય શિલ્પી ગુરુજીના હસ્તમાં આપણું જીવન સોંપી દઈએ. જેથી તેઓ આપણને એક ભવ્ય અને દિવ્ય શિલ્પ બનાવી શકે.


**નિવેદન ફોર્મ : ૨૦૨૬ (ઘનશ્યામ)**

ઘનશ્યામ માલિકી અને બીજી માહિતી નિવેદન (ફોર્મ નં - ૪, રૂલ - ૮)

**પ્રકાશન સ્થળ** : સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર - ૩૮૨૪૨૧

**પ્રકાશન ક્રમ** : માસિક

**મુદ્રકનું નામ** : સાધુ પૂર્ણસ્વરૂપદાસ

**પ્રકાશકનું નામ** : સાધુ ભક્તવત્સલદાસ

**તંત્રીનું નામ** : નરેન્દ્ર આર. ત્રિવેદી

**રાષ્ટ્રીયતા** : ભારતીય

**માલિકનું નામ** : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**

**સરનામું** : સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર - ૩૮૨૪૨૧

હું, સાધુ ભક્તવત્સલદાસ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગત મારી જાણ અને માન્યતા મુજબ યોગ્ય છે.

સહી

સાધુ ભક્તવત્સલદાસ

(તા. ૧-૩-૨૦૨૬)



# શિક્ષાપત્રી ઉત્સવ અંતર્ગત મંદિરે મંદિરે દ્વિશતાબ્દી

ઈ.સ. ૨૦૨૬માં સમસ્ત એસ.એમ.વી.એસ. સત્સંગ સમાજ છ મહા ઉત્સવોનો સાક્ષી બનવા જઈ રહ્યો છે. આ છ ઉત્સવોનો સમન્વય એટલે જ ‘શ્રીહરિ સંકલ્પ મહોત્સવ.’ જેના દુંદુભિ એસ.એમ.વી.એસ.ના આંગણે વાગી રહ્યાં છે. આ શ્રીહરિ સંકલ્પ મહોત્સવનું પ્રથમ ચરણ એટલે ગ્રંથરાજ શિક્ષાપત્રી દ્વિશતાબ્દી ઉત્સવ. સ્વયં શ્રીહરિના સ્વહસ્તે લિખિત ‘શિક્ષાપત્રી’ મહાગ્રંથના દ્વિશતાબ્દી ઉત્સવની ઉજવણી સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઠેર ઠેર દિવ્યતા અને ભવ્યતાથી કરવામાં આવી. એસ.એમ.વી.એસ. સંસ્થાના આંગણે પણ આ શિક્ષાપત્રી દ્વિશતાબ્દી ઉત્સવની ‘મંદિરે મંદિરે દ્વિશતાબ્દી’ થીમ અંતર્ગત તા. ૨૩, ૨૪, ૨૫ જાન્યુઆરી દરમ્યાન વસ્ત્રાલ ખાતે ત્રિ-દિનાત્મક ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી. જેમાં અમદાવાદ શહેરના સત્સંગ સમાજને પ્રત્યક્ષ લાભ મળ્યો હતો. અમદાવાદ ઝોન સિવાય બાકીનો સમસ્ત સત્સંગ સમાજ પોતાના જ સેન્ટરમાં રહી ઑનલાઇન માધ્યમ દ્વારા આ ઉત્સવમાં જોડાયો હતો. આવો, અહીં તેની આંશિક સ્મૃતિઓને માણી આ ઉત્સવયાત્રાના સાક્ષી બનીએ.









### અખંડ ધૂન

શિક્ષાપત્રી મહાગ્રંથમાં ૨૧૨ શ્લોકો હોવાથી તા. ૧-૧૨-૨૦૨૫થી તા. ૧૦-૧૨-૨૦૨૫ દરમ્યાન સંસ્થાના તમામ સેન્ટરોમાં પુરુષ વિભાગ દ્વારા ૨૧૨ કલાકની સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના ૭૦ સેન્ટરના ૫૦૦૦થી વધુ હરિભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. હરિભક્તોને દિવસ-રાત સળંગ ૧૦ દિવસ અખંડ ધૂન કરતા જોઈ વ્હાલા ગુરુજીએ પણ સૌના પર ખૂબ રાજીપો વરસાવ્યો હતો.

### શિક્ષાપત્રી પ્રાર્થના

“શિક્ષાપત્રી પ્રમાણે વર્તાય, હરિ કૃપા કરોને સદાય,
મનધાર્યું દઈએ અમે મૂકી, ભૂલે આજ્ઞા ન જઈએ ચૂકી.”

આ ત્રિ-દિનાત્મક શિક્ષાપત્રી ઉત્સવના પ્રારંભે વ્હાલા ગુરુજીએ સમસ્ત સત્સંગ સમાજ વચ્ચે આ નૂતન પ્રાર્થના વહેતી મૂકી હતી. સૌ મુક્તો આ નૂતન પ્રાર્થનાનું વારંવાર ગાન કરી શિક્ષાપત્રીની આજ્ઞાઓ સ્વજીવનમાં અમલ કરવા હેતુ કટિબદ્ધ બન્યા હતા.

### મુખ્ય સ્પૉટ ઉદ્‌ઘાટન તથા દીપ પ્રાગટ્ય

શિક્ષાપત્રી દ્વિશતાબ્દી ઉત્સવની શરૂઆતમાં પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીના આગમનને સૌ કોઈએ ગગનભેદી તાળીઓના નાદથી વધાવી લીધું હતું. અહીં વ્હાલા ગુરુજીએ મહોત્સવની પ્રતિકૃતિ સમા મુખ્ય સ્પૉટમાં બિરાજિત ઘનશ્યામ મહાપ્રભુની મૂર્તિને કુમકુમ અર્ચી પૂજનનો લાભ લીધો હતો. ત્યારબાદ વ્હાલા ગુરુજી સંગે સૌ સંતો તથા યજમાન પરિવારોએ મહાપ્રભુની આરતીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. વ્હાલા ગુરુજીનું હરિકૃષ્ણ મહારાજ સંગે સભામંડપમાં આગમન થયું. મહાપ્રભુને દંડવત્ પ્રણામ, દર્શન કરી વ્હાલા ગુરુજી સંગે યજમાન પરિવારોએ દીપ પ્રાગટ્ય કરી આ ઉત્સવનો આરંભ કરાવ્યો ત્યારે ‘જય હો જયજયકાર હો’ના નાદથી સભામંડપ ગુંજી ઊઠ્યો હતો.

### શિક્ષાપત્રી સંહિતા પાઠ

એકમાત્ર સ્વામિનારાયણ ભગવાને જ પોતાની હયાતીમાં પોતાના અનુયાયીઓ માટે સ્વહસ્તે લિખિત શિક્ષાપત્રી ગ્રંથની રચના કરીને ભક્ત સમુદાયને એક અણમોલ અને અમૂલ્ય ભેટ આપી. શિક્ષાપત્રી ઉત્સવના આ ત્રિ-દિનાત્મક આયોજન દરમ્યાન પુરુષ વિભાગમાં ૪૫થી વધુ બાળકો-કિશોરો દ્વારા તેમજ મહિલા વિભાગમાં ૪૫થી વધુ બાલિકાઓ-કિશોરીઓ દ્વારા આ મહાગ્રંથના સંહિતા પાઠ કરવામાં આવ્યા હતા. પુરુષ વિભાગમાં પૂ. સંતોએ તથા મહિલા વિભાગમાં પૂ. ત્યાગી મહિલામુક્તોએ સંહિતાના પાઠ કરનાર તમામ મુક્તોના ભાલમાં ચંદન પૂજન કરી તથા હાર પહેરાવી શિક્ષાપત્રી સંહિતા પાઠનો આરંભ કરાવ્યો હતો. તો વ્હાલા ગુરુજીએ પણ















વસંતપંચમીના મુખ્ય દિને આ તમામ મુક્તો પર ખૂબ રાજીપો વરસાવ્યો હતો.

**મહાગ્રંથની મહાપૂજા તથા ડ્રાયફ્રૂટ અભિષેક**

તા. ૨૩-૧-૨૦૨૬ ને શુક્રવાર (વસંતપંચમી), ઉત્સવના પ્રથમ દિને વ્હાલા ગુરુજીના હસ્તે ગ્રંથરાજ શિક્ષાપત્રીનું ચંદન તથા ફૂલહાર વડે પૂજન કરવામાં આવ્યું હતું. આજરોજ સમસ્ત સત્સંગ સમાજના ૬૫૨૦થી વધુ હરિભક્તોએ શિક્ષાપત્રી ગ્રંથની મહાપૂજાનો અણમોલ લાભ લીધો હતો. તેમજ દ્વિશતાબ્દી ઉત્સવના દ્વિતીય દિને ઉપસ્થિત સત્સંગ સમાજને ગ્રંથરાજના દિવ્ય ડ્રાયફ્રૂટ અભિષેકનો લાભ મળે તેવું આયોજન ગોઠવાયું હતું. આ સાથે ઑનલાઈન લાભ લઈ રહેલા સત્સંગ સમાજને પોતાના સેન્ટરમાં ગ્રંથરાજના પુષ્પાભિષેકનો લહાવો પ્રાપ્ત થયો હતો. ગ્રંથરાજના અભિષેકનો ૪૯૨૯થી વધુ મુક્તો લાભ લઈ ધન્ય બન્યા.

**મહાગ્રંથ શિક્ષાપત્રી યાત્રા**

તા. ૨૫-૧-૨૦૨૬ ને રવિવારના રોજ શિક્ષાપત્રી દ્વિશતાબ્દી ઉત્સવના અંતિમ દિને સૌ મુક્તોને શિક્ષાપત્રી યાત્રાનો લાભ પ્રાપ્ત થયો હતો. યજમાન પરિવાર જૈમિનભાઈ રમેશભાઈ પટેલના નિવાસસ્થાનેથી પૂ. સંતોએ ગ્રંથરાજનું પૂજન-અર્ચન કરી શિક્ષાપત્રી યાત્રાનો આરંભ કરાવ્યો હતો. નિરાંત ચોકડીથી વ્હાલા ગુરુજી, પૂ. સંતો તથા તમામ હરિભક્તો આ શિક્ષાપત્રી ઉત્સવ ઉપક્રમે આયોજિત પદયાત્રામાં ઉત્સાહભેર જોડાયા હતા. આબાલવૃદ્ધ સહિત સૌ નગરજનો આ યાત્રાનાં દર્શન કરી કૃપાવંત બન્યા હતા. વ્હાલા










ગુરુજી પણ સૌ મુક્તો પર અભયદાન સમી દયાદૃષ્ટિ રેલાવતા થકા પદયાત્રાને લઈ મંદિરે પધાર્યા ત્યારે વાતાવરણમાં ‘જય હો જયજયકાર હો’ના ધ્વનિનાદ ગુંજી ઊઠ્યા હતા. પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ, વ્હાલા ગુરુજી, પૂ. સંતો તથા પદયાત્રાનાં દર્શન કરીને સૌ મુક્તો સભામંડપમાં પોતાનું સ્થાન લઈ બિરાજમાન થયા. અમદાવાદ ઝોન ઉપરાંત બાકીના તમામ ઝોનલ સેન્ટરોમાં પણ શિક્ષાપત્રી યાત્રાનું સુંદર આયોજન ગોઠવાયું હતું. જેનો ૫૧૪૮થી વધુ મુક્તો લાભ લઈ મહાત્મ્યસભર બન્યા હતા.

### ગ્રંથરાજની સુવર્ણ તુલા

આજરોજ ગ્રંથરાજ શિક્ષાપત્રીની સુવર્ણ તુલાનો વિશેષ કાર્યક્રમ ઊજવાઈ ગયો. સુવર્ણ તુલા પૂર્વે વ્હાલા ગુરુજીએ સમસ્ત સમાજને પ્રાર્થના દ્વારા વિશેષ મહાત્મ્યથી ભર્યા બનાવ્યા હતા. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ ગ્રંથરાજ શિક્ષાપત્રીને સુવર્ણ તુલા મધ્યે બિરાજમાન કરી પુષ્પ અર્પણ કરી સુવર્ણ તુલાનો પ્રારંભ કરાવ્યો હતો.

પૂ. સંતોએ તેમજ મહિલા વિભાગમાં પૂ. ત્યાગી મહિલામુક્તોએ પણ પુષ્પ અર્પણ કરી આ સુવર્ણ તુલાનો લાભ લીધો હતો. ત્યારબાદ દેશ-વિદેશના હરિભક્તોએ તથા યજમાન પરિવારોએ આ સુવર્ણ તુલાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ જ રીતે મહિલા વિભાગમાં મહિલા હરિભક્તો પણ સુવર્ણ તુલાનો લાભ લઈ ધન્ય બન્યાં હતાં.






### સંત પ્રવચન

આ ત્રિ-દિનાત્મક ઉત્સવ દરમ્યાન લાભાર્થીઓને પૂ. સંતોના પ્રવચનનો વિશિષ્ટ લાભ પ્રાપ્ત થયો હતો. જેમાં પ્રથમ દિને પૂ. કારણસ્વામી, દ્વિતીય દિને પૂ. સર્વજ્ઞસ્વામી તેમજ અંતિમ દિને પૂ. મૂર્તિસ્વામીના સંત પ્રવચન રજૂ થયાં હતાં. આ સંત પ્રવચન દરમ્યાન શિક્ષાપત્રી લેખનની શરૂઆત, પૂર્વ ઇતિહાસ, શિક્ષાપત્રી કોના માટે છે ? શિક્ષાપત્રીના વાંચન પછી આપણો શું રોલ હોવો જોઈએ ? વગેરે મુદ્દાઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

### વ્હાલા ગુરુજીની અમૃતવાણી

શિક્ષાપત્રી દ્વિશતાબ્દી ઉત્સવનું અનેરું અને મુખ્ય આકર્ષણ એટલે વ્હાલા ગુરુજીની અમૃતવાણી. વ્હાલા ગુરુજીની અમૃતવાણી શરૂ થાય એટલે સભા સ્થિર થઈ જાય. કાર્ય સત્સંગી હોય કે કારણ સત્સંગી પણ વ્હાલા ગુરુજીના મુખેથી અમૃતવાણીનો પ્રવાહ શરૂ થાય એટલે લાભ લેનારને અનુભૂતિ થાય કે આ વાતો નક્કી આ ગુરુજીના મુખેથી શ્રીજીમહારાજ કરી રહ્યા છે. એની એ જ શિક્ષાપત્રી, એ જ આજ્ઞાઓ, એ જ શ્રીજીમહારાજની રુચિઓ આજે આખાય સંપ્રદાયમાં વંચાય છે પરંતુ વ્હાલા ગુરુજીના મુખેથી સંતો અને હરિભક્તોના પંચવર્તમાનની વાત કરવામાં આવે એટલે આખી સભાના કાન સરવા થઈ જાય અને વાતો જીવમાં જડાતી જાય. વ્હાલા ગુરુજીએ પ્રથમ દિને સંતોનાં પંચવર્તમાન તેમજ દ્વિતીય અને તૃતીય દિને હરિભક્તોનાં પંચવર્તમાન પર વિશેષ લાભ આપ્યો હતો. વધુમાં લાભ આપતાં જણાવ્યું હતું કે, “આજે સમસ્ત વિશ્વમાં સ્વામિનારાયણ સંપ્રદાયનો જે ઉજાસ છે, ઝગમગાટ છે તેના મૂળમાં શિક્ષાપત્રી છે. જ્યાં શિક્ષાપત્રી મુજબની આજ્ઞાઓનું પાલન થતું હોય એ જ સંતોમાં સાધુતા હોય, ત્યાં જ હરિભક્તોમાં ભક્તપણાનું નૂર હોય અને ત્યાં જ મહારાજ અખંડ બિરાજતા હોય છે.” ગુરુદેવ કહેતા કે, “આ સ્વામીની (ગુરુજીની) વાતો સાંભળીને તો મરેલાં મડદાં પણ બેઠાં થઈ જાય.” આ ઉત્સવમાં લાભ લેતાં એવો જ કંઈક અનુભવ દરેકને થયો હતો. આ ઉત્સવ દરમ્યાન સમસ્ત સત્સંગ સમાજ વ્હાલા ગુરુજીની દિવ્યવાણીનો લાભ લઈ ખૂબ બળને પામ્યો હતો.

આ ઉત્સવનો લાભ લેવા માટે અહીં સ્કૅન કરો.

જ્યાં સુધી પાપ ખટકશે નહિ, ત્યાં સુધી પાપ અટકશે નહીં.

**વ્હાલા ગુરુજીએ સમાજને કરેલી ભલામણો**

આ પ્રસંગે વ્હાલા ગુરુજીએ સમસ્ત સત્સંગ સમાજને ભલામણના ભાગ રૂપે જણાવ્યું હતું કે, “આ અમારા દ્વારા સ્વયં શ્રીહરિ બોલી રહ્યા છે એમ માની આ વાત હૈયે ધરજો. ભલા થઈને સિંહ બનજો, નમાલા ન બનતા. ગમે તેવો વ્યવહાર હોય પણ શિક્ષાપત્રી મુજબનું જીવન તો જીવવું જ પડશે. અને જો તમે એમ નહિ વર્તો તો તમારે ને અમારે કાંઈ લેવા-દેવા નથી.” સમસ્ત સમાજ વ્હાલા ગુરુજીના મુખેથી આ ભલામણો સાંભળી રાજીપાના માર્ગે આગળ વધવા કટિબદ્ધ બન્યો.

**આશીર્વર્ષા**

વ્હાલા ગુરુજીએ આશીર્વર્ષા વરસાવતાં જણાવ્યું હતું કે, “આજે અમે મહારાજને પ્રાર્થના કરીએ છીએ કે, આજે નહિ તો ક્યારેય નહીં. આજે જે કોઈ નાનામાં નાનું વ્યસન, જીદ કે સ્વભાવ છોડે તેને હે મહારાજ, આજે રાજી થઈને છોડાવી દેજો. આજે મહારાજ ખૂબ વરસવા બેઠા છે. છે કોઈ ખોળો પાથરનારું ? આજે મહારાજ વરસી જવા તૈયાર છે. સંકલ્પ કરજો. જો આજે ગયું તો કાયમ માટે જતું રહેશે. વળી, લગ્નપ્રસંગોની સિઝન ચાલુ છે. બધાયને વાંચવા માટે એક, બે, પાંચ એવી શિક્ષાપત્રીની ભેટ આપજો. આજે મહારાજને પ્રાર્થના કરીએ છીએ કે, હે મહારાજ, આ શિક્ષાપત્રી સ્વરૂપે આપ જેના જેના ઘરે પધારો એ બધાયને આ જોગમાં ખેંચીને બધાયનું પૂરું કરજો.” વ્હાલા ગુરુજીના મુખેથી આશીર્વર્ષાનો લાભ લીધા બાદ ગુરુદેવે આશિષ આપતાં જણાવ્યું હતું કે, “આજે મહારાજને પ્રાર્થના કરીએ, હે મહારાજ ! આપના અધ્યાત્મના અર્થ સમજાય, આપની નિષ્ઠા થાય, નિયમ-ધર્મમાં રહેવાય, ઠેઠ મહાપથારી સુધી અમને કોઈનો અભાવ-અવગુણ ન આવે, ભૂંડા દેશકાળ ન નડે, નબળાનો સંગ ન અડે. હે મહારાજ, આજના શિક્ષાપત્રીના પ્રાગટ્ય દિને આર્થિક, શારીરિક કે આધ્યાત્મિક એમ બધેથી સૌને માલંમાલા કરો એવી પ્રાર્થના.”

**સમૂહ આરતી**

શિક્ષાપત્રી દ્વિશતાબ્દી ઉત્સવના અંતિમ દિને પ્રત્યક્ષ તેમજ સેન્ટરમાં લાભ લઈ રહેલા ૧૬૪૨૧થી વધુ મુક્તોને મહાગ્રંથની સમૂહઆરતીનો લાભ પ્રાપ્ત થયો હતો.

**સ્વયંસેવકોનો સેવાયજ્ઞ**

વ્હાલા ગુરુજીની અનુજ્ઞાથી પૂ. મૂર્તિસ્વામીની રાહબરી હેઠળ પૂ. કારણસ્વામી, પૂ. સર્વજ્ઞસ્વામી આદિ સંતોએ તેમજ ૨૦૦૦થી વધારે સ્વયંસેવક મુક્તોએ આ સમગ્ર પ્રોગ્રામને દીપાવ્યો હતો. આમ, આ ત્રિ-દિનાત્મક શિક્ષાપત્રી દ્વિશતાબ્દી ઉત્સવનો પ્રત્યક્ષ લાભ લઈ ૩૧૬૬૮ તથા ઑનલાઇન માધ્યમે ૯૩૫૫૯થી પણ વધુ હરિભક્તો કૃપાવંત બન્યા હતા. આ રીતે શ્રીહરિ સંકલ્પ મહોત્સવના પ્રથમ ચરણનું દિવ્ય અને ભવ્ય રીતે સમાપન થયું હતું.












## મૂર્તિસુખે સુખિયા

કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :

મૂ.નિ. કનુભાઈ ભૂરાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮૦, ગાંધીનગર; તા. ૧૭-૧-૨૦૨૬

મૂ.નિ. સુરેશચંદ્રભાઈ ભીખાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮૨, ગોતા; તા. ૨૦-૧-૨૦૨૬

મૂ.નિ. સામતભાઈ નાથાભાઈ બાલસ, ઉંમર વર્ષ-૬૬, જૂનાગઢ; તા. ૨૧-૧-૨૦૨૬

મૂ.નિ. જયંતિભાઈ હરગોવનભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૪, સ્વામિનારાયણ ધામ; તા. ૨૭-૧-૨૦૨૬

મૂ.નિ. ચેતનભાઈ અમૃતલાલ શાહ, ઉંમર વર્ષ-૫૮, ટોરન્ટો (કેનેડા); તા. ૧-૨-૨૦૨૬

મૂ.નિ. કેસરાભાઈ મૂરજીભાઈ જેસાણી, ઉંમર વર્ષ-૭૮, બળદિયા; તા. ૫-૨-૨૦૨૬

મૂ.નિ. મહેશભાઈ કમળાશંકર ત્રિપાઠી, ઉંમર વર્ષ-૭૮, વાસણા; તા. ૫-૨-૨૦૨૬

મૂ.નિ. દીપકભાઈ કનુભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૪, ગાંધીનગર; તા. ૧૮-૨-૨૦૨૬

મૂ.નિ. ચંદનબેન નટવરલાલ ગાંધી, ઉંમર વર્ષ-૯૩, વાસણા; તા. ૧૭-૧-૨૦૨૬

મૂ.નિ. સંતોકબા કરશનભા ગોહિલ, ઉંમર વર્ષ-૯૬, સુરેન્દ્રનગર; તા. ૧૭-૧-૨૦૨૬

મૂ.નિ. કાશીબેન ધનજીભાઈ ભીમાણી, ઉંમર વર્ષ-૯૯, અમરેલી; તા. ૬-૨-૨૦૨૬

મૂ.નિ. લલિતાબેન શૈલેશકુમાર પટેલ, ઉંમર વર્ષ-૫૫, વસ્ત્રાલ; તા. ૬-૨-૨૦૨૬

મૂ.નિ. રમીલાબેન શકરાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮૫, ઘાટલોડિયા; તા. ૧૧-૨-૨૦૨૬

મૂ.નિ. સરોજબેન અશોકભાઈ ઠક્કર, ઉંમર વર્ષ-૬૩, વાસણા; તા. ૧૧-૨-૨૦૨૬

મૂ.નિ. ડાહીબેન વિઠ્ઠલભાઈ પટેલ, ઉંમર વર્ષ-૯૧, વસ્ત્રાલ; તા. ૧૪-૨-૨૦૨૬

આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.


## ભક્તિ ગૃહઉદ્યોગનું

# નૂતન સોપાન 'ભક્તિ પુષ્પ'

(ઇન્સ્ટન્ટ બેકર યીસ્ટ)




સંપ્રદાયના નિયમ મુજબ ૧૦૦% વેજિટેરિયન અને વીગન યીસ્ટ

પાંઉ, બ્રેડ તથા બેકરી આઇટમ બનાવવા માટે

**સંસ્થાના દરેક ફૂડસ્ટોલ પર ઉપલબ્ધ**


શબ્દનો સદુપયોગ અહિંસા છે, દુરુપયોગ હિંસા છે.

કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે

# વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ



**તા. ૧૫-૧-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **રાજકોટ** ખાતે ૧૦ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા. આજરોજ સાયંકાળે **વ્હાલા ગુરુજી**એ ABSના બાળમુક્તોને લાભ આપી સુખિયા કર્યા હતા. વળી, સંધ્યા સમયે જ ૫ હરિભક્તોના ગૃહે પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી ધન્ય બનાવ્યા હતા. આજરોજ રાત્રિના સમયે આયોજિત ઝોળીસેવા તથા શાકોત્સવના પ્રોગ્રામમાં **વ્હાલા ગુરુજી**એ દિવ્યવાણીનો લાભ આપી ૨૮૧૦થી પણ વધુ મુક્તોને અભયદાનની વર્ષામાં ભીંજવી કૃતાર્થ બનાવ્યા હતા.

**તા. ૨૦-૧-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **કલોલ** ખાતે પ્રાતઃ સભામાં ઉપસ્થિત હરિભક્તોને કથાવાર્તાનું પાન કરાવી બળિયા કર્યા હતા.

**તા. ૨૩-૧-૨૦૨૬**ના રોજ વસંતપંચમીના શુભ દિને પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે **વ્હાલા ગુરુજી**એ ગ્રંથરાજ શિક્ષાપત્રીનું પૂજન તેમજ આરતી ઉતારવાનો લાભ આપી ઉપસ્થિત મુક્તોને સુખિયા કર્યા હતા. ત્યારબાદ **વ્હાલા ગુરુજીએ** મધ્યાહ્ન સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે વ્હાલસોયા ગુરુકુલના વિદ્યાર્થીમુક્તોને શાકોત્સવ નિમિત્તે પિરસણ લીલાનો લાભ આપી આનંદ પમાડ્યો હતો. આજરોજ સાયંકાળે **વ્હાલા ગુરુજી**એ **કોબા** તથા **નાના ચિલોડા** ખાતે પધરામણીનો તેમજ **વસ્ત્રાલ** ખાતે ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૨૪-૧-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વસ્ત્રાલ** ખાતે સાયંકાળે ૭ હરિભક્તોના ગૃહે પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી પ્રેમી હરિભક્તોના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૨૫-૧-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વસ્ત્રાલ** ખાતે પ્રાતઃ સભામાં કથાવાર્તાનો તેમજ રાજીપાદર્શન પ્રોગ્રામમાં લાભ આપી ઉપસ્થિત મુક્તોને બળ પ્રદાન કર્યું હતું. આજરોજ પ્રાતઃ સમયે **વ્હાલા ગુરુજી**એ **વસ્ત્રાલ** ખાતે હરિભક્તોને સ્મૃતિછબી પ્રોગ્રામનો લાભ આપી એક અવિસ્મરણીય સ્મૃતિ



વિશ્વાસ વિના પ્રેમ પ્રગટતો નથી, પ્રેમ વિના વિશ્વાસ ટકતો નથી.

ભેટ આપી હતી.

**તા. ૨૯-૧-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભામાં અમૃતવર્ષાનો લાભ આપી ૩૦૪૩૮થી વધુ મુમુક્ષુજનોને સત્સંગ સરિતામાં ભીંજવ્યા હતા.

**તા. ૧-૨-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પ્રાતઃ સમયે પૂનમના સમૈયા ઉપક્રમે પ્રત્યક્ષ તથા ઑનલાઇન ૪૨૧૫૨થી વધુ પૂનમિયા હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી બળિયા કર્યા હતા.

**તા. ૭, ૮, ૯ ફેબ્રુઆરી, ૨૦૨૬** દરમ્યાન **વ્હાલા ગુરુજી**એ **કેનેડા** ખાતે ચાલી રહેલ દિવ્ય સાંનિધ્ય શિબિરમાં ઑનલાઇન ઉપસ્થિત રહી કથાવાર્તાનું પાન કરાવી સૌને સુખિયા કર્યા હતા.

**તા. ૧૦-૨-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે રાત્રિ સમે બાળમુક્તોને અંગત ગોષ્ઠિનો લાભ આપી રાજીપો વરસાવ્યો હતો.

**તા. ૧૧-૨-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પ્રાતઃ સેશનમાં ૩૯મા વાર્ષિક પાટોત્સવ તેમજ સંસ્થા દિનની ઉજવણીના પ્રસંગે દિવ્યવાણીનો લાભ આપી ઉપસ્થિત ભક્તોને કૃતાર્થ બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સભા પૂર્ણ થયા બાદ ગુરુદેવની સ્મૃતિ સમી થાંભલા સભાનો લાભ આપી વર્ષો જૂની સ્મૃતિ તાદૃશ કરાવી સૌને સુખિયા કર્યા હતા.

**તા. ૧૩-૨-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભા ઉપક્રમે પ્રત્યક્ષ તથા ઑનલાઇન ૩૧૨૩૮થી વધુ હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી બળ પ્રદાન કર્યું હતું.

**તા. ૧૪-૨-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **યુ.એસ.એ.** ખાતે આયોજિત દિવ્ય સાંનિધ્ય શિબિરમાં ઑનલાઇન ઉપસ્થિત રહી શિબિરાર્થી મુક્તોમાં અનેરું જોમ ભર્યું હતું.

**તા. ૧૫-૨-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે મધ્યાહ્ન સમયે ABS સંચાલકોની ટ્રેનિંગમાં સેવા સંભાળી રહેલા સંચાલક મુક્તો પર રાજીપાવર્ષા સહ સ્મૃતિ ભેટ તેમજ પ્રસાદીનો લાભ આપી બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **યુ.એસ.એ.** ખાતે આયોજિત દિવ્ય સાંનિધ્ય શિબિરમાં ઑનલાઇન ઉપસ્થિત રહી કથાવાર્તાનો લાભ આપી શિબિરાર્થી મુક્તોને સુખિયા કર્યા હતા.

## દિવ્ય સંત શિબિર : ૨૦૨૬

તાજેતરમાં તા. ૧૭ જાન્યુઆરીથી તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ ૨૧ દિવસ દરમ્યાન ગાંધીનગર સ્થિત સહજ ફાર્મ પર સંસ્થાના તમામ પૂ. સંતોની વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ૧૦-૧૦ દિવસની બે ગ્રૂપમાં શિબિરનું આયોજન થયું હતું. વાંચન, શ્રવણ, લેખન પછીનું મહત્ત્વનું સ્ટેપ છે મનન. મનન કરવું અત્યંત આવશ્યક છે. ત્યારે જ રિઝલ્ટના માર્ગે ડગ માંડી શકાય. આ મહત્ત્વના ટૉપિક પર શિબિરના પ્રથમ દિવસે (બંને ગ્રૂપમાં ક્રમશઃ) તાલીમ-વર્કશોપ બેઝથી પૂ. સંતોને 'મનન' કોર્સનો લાભ મળ્યો હતો. તે પછીના નવ દિવસ દરમ્યાન સૌ પૂ. સંતોને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની અદ્ભુત અમૃતવાણીનો લાભ મળ્યો. જેમાં આધ્યાત્મિકતાના માર્ગે આગળ વધવા મહારાજને કર્તા કરવાની રીત, હું કોણ છું ?, સંત જીવનમાં સાધુતાનું મૂલ્ય તથા અવરભાવમાં રોજિંદા જીવનમાં જરૂરી ગુણો-વૅલ્યૂસ પર વિશેષ પ્રકાશ પાથરવામાં આવ્યો હતો. સાથે સાથે નૈસર્ગિક વાતાવરણમાં પૂ. સંતો ધ્યાન, માળા-પ્રદક્ષિણા, કીર્તનભક્તિ, વાંચન, શ્રવણ, લેખન, મનન, એકાંત કુટિર, પ્રતિલોમભાવ – હું કોણ છું ? આદિ આહ્નિક દ્વારા વ્યક્તિગત સ્વવિકાસમાં મશગૂલ રહ્યા હતા. વળી, શિબિર દરમ્યાન સંસ્થાના તમામ પૂ. સંતોને વ્હાલા ગુરુજીએ અંગત બેઠકનો લાભ આપી સૌને વિશેષ સુખિયા કર્યા હતા.

એ જ રીતે બંને શિબિર દરમ્યાન સંસ્થાના પૂ. લીડર સંતો તથા પૂ. સહલીડર સંતોને કૅટેગરીવાઇઝ સ્પેશ્યલ લાભ મળ્યો હતો. જેમાં મળેલી સેવાને આદર્શતાપૂર્વક કેવી રીતે નિભાવી શકાય ? તેના પર કેસ સ્ટડીના માધ્યમે વિશેષ માર્ગદર્શન મળ્યું હતું. વળી, શિબિર દરમ્યાન સંસ્થાના પૂ. પ્રભારી સંતો દ્વારા રોજિંદા જીવનમાં જરૂરી વિષય પર પ્રશ્નોત્તરી સેશનનો લાભ મળ્યો હતો.

પૂ. સંતોની સાથે સાથે સંસ્થાના પૂ. ત્યાગી મહિલામુક્તોની પણ સ્વામિનારાયણ ધામ પર ભક્તિનિવાસમાં પૅરેલલ શિબિર ગોઠવાઈ હતી. જેમાં તેઓ પૂ. સંતોની શિબિરમાં મળતો ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની અમૃતવાણીનો ઑનલાઇન માધ્યમે લાભ લઈ બળિયા થયાં હતાં.

આ રીતે શિબિર દરમ્યાન સંસ્થાના ત્યાગી વર્ગે આધ્યાત્મિકતાના માર્ગે એક વધુ સોપાન સર કર્યું.

# SMVS સંચાલિત શૈક્ષણિક સેવાઓ

**પ્રવેશ ચાલુ**

શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસનો ત્રિવેણી સંગમ...

## SMVS સ્વામિનારાયણ ધામ - ગુરુકુલ

● ધો. ૮ અને ૯ના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળશે.

● પ્રવેશ માટે ૬૦% હોવા ફરજિયાત છે.

**ધો. ૮થી ૧૨ (ગુજરાતી/અંગ્રેજી માધ્યમ)**



પ્રવેશ ફોર્મ ઉપલબ્ધ : સંસ્થાના દરેક મુખ્ય સેન્ટર પરથી મળી શકશે તથા www.smvs.org વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાશે.


● પ્રવેશ ફોર્મનું વિતરણ તા. ૪/૩/૨૦૨૬થી શરૂ...

● SMVS ગુરુકુલની વિશેષતાઓ ●

● પવિત્ર સંતોનું દિવ્ય સાંનિધ્ય ● હાઇટેક એજ્યુકેશન ● વિશાળ વાંચનાલય ● અલગ કોચિંગ ક્લાસની વ્યવસ્થા ● વિશાળ પ્લે ગ્રાઉન્ડ ● ધો. ૧૦ અને ૧૨ માટે વેકેશન બેચનું આયોજન ● ભોજન માટે ડાઇનિંગ ટેબલની વ્યવસ્થા

અન્ય માહિતી માટે સંપર્ક : સમય : સવારે ૯થી ૧૨ અને સાંજે ૫થી ૭ ● કાર્યાલય સંપર્ક : +૯૧ ૯૯૨૫૨૩૭૦૦૪/૨૭૧

## ગુરુદેવ પ.પૂ. બાપજી વિદ્યાસેવા સંકલ્પ સંકુલ



**SMVS સંકલ્પ ગુરુકુલ**

**ધો. ૮થી ૧૦ (ગુજરાતી માધ્યમ)**

● પ્રવેશ પરીક્ષા દ્વારા એડમિશન

● ધો. ૮ અને ૯માં પ્રવેશ ચાલુ

● પૂ. સંતોનું દિવ્ય સાંનિધ્ય

● સંપર્ક : +૯૧ ૯૯૨૫૨૩૭૦૧૮/33

● એડમિશન પ્રક્રિયા સ્વામિનારાયણ ધામ પર રાખેલ છે.

● પંચમહાલ, દાહોદ, અરવલ્લી તથા મહીસાગર જિલ્લાના બાળકો જ પ્રવેશ પ્રાપ્ત કરી શકશે.



**SMVS સ્વામિનારાયણ ધામ ગર્લ્સ ગુરુકુલ**

**ધો. ૮થી ૧૨ (ગુજરાતી માધ્યમ)**

● પ્રવેશ પરીક્ષા દ્વારા એડમિશન

● ફક્ત ધો. ૮ માટે જ પ્રવેશ ચાલુ

● પૂ. ત્યાગી મહિલામુક્તો દ્વારા ગર્લ્સ ગુરુકુલનું સંચાલન

● પ્રવેશ ફોર્મનું વિતરણ તા. ૪/૩/૨૦૨૬થી શરૂ...

● સંપર્ક :+૯૧ ૭૦૯૯૦૬૨૩૮૦, +૯૧ ૯૬૬૨૭૫૧૩૧૭

ભણવા, રહેવા અને જમવાની નિઃશુલ્ક સુવિધા

શૈક્ષણિક અનુદાન સેવામાં સહભાગી થવા SMVS સંસ્થાના સેન્ટરનો સંપર્ક કરવો.

## સ્વામિનારાયણ ધામ ઇન્ટરનૅશનલ સ્કૂલ



● અંગ્રેજી માધ્યમ :
- નર્સરીથી ધો. ૧૦ સુધી (ICSE બોર્ડ)
- નર્સરીથી ધો. ૧૨ સુધી (GSEB બોર્ડ) (કૉમર્સ/સાયન્સ)

● ગુજરાતી માધ્યમ : નર્સરીથી ધો. ૧૨ સુધી

● ટ્રાન્સપોર્ટેશન : અમદાવાદ, કલોલ, ગાંધીનગર, દહેગામ સુધી

● સંપર્ક : (મો.) ૯૯૭૯૮૮૪૪૭૧/૭૩

● visit us : www.sdis.edu.in

હવે છોડો **કાન, નાક કે ગળાની**



**તકલીફોનું ટેન્શન**

કારણ કે SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ **આપે છે સચોટ સોલ્યુશન...**

## ડૉ. જાનવી ભાવસાર

કન્સલ્ટન્ટ ENT સર્જન,
MS (ENT)

**ઓ.પી.ડી.**

**સોમવારથી શનિવાર**

સમય : સવારે 9:30થી સાંજે 6:00 વાગ્યા સુધી

## ENT વિભાગમાં ઉપલબ્ધ સુવિધાઓ

- ગળામાં થતા કાકડાનું ઑપરેશન
- સ્વરપેટીમાં અવાજ બદલવાનું ઑપરેશન
- કાનમાં રસીની સમસ્યા
- કાનમાં ફૂગ તથા સડાની સમસ્યા
- કાનના પડદાનું ઑપરેશન
- નાકનો પડદો ત્રાંસો હોવો
- નાકમાં મસો કે સાઇનસની સમસ્યા
- નાકના હાડકામાં ઇન્ફેક્શનની સમસ્યા

**કાન, નાક કે ગળાની કોઈ પણ સર્જરી માટે**

**આયુષ્માન કાર્ડ હેઠળ નિઃશુલ્ક સારવાર ઉપલબ્ધ**

SMVS SWAMINARAYAN HOSPITAL

Emergency Help Line : 73 73 73 39 04 / 05 | www.smvshospital.com

**SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ**

SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.

વધુ માહિતી માટે કૉલ કરો : 63 59 77 07 25

info@smvshospital.com Follow us :



૧



૨



૩



૪

## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ



૫



૬



૭



૮

(૧–૪) રાજકોટ, કલોલ, વસ્ત્રાલ ખાતે અનુક્રમે પધરામણી તથા પ્રાત: સભામાં લાભ (૫) કૅનેડા ખાતે ઑનલાઇન શિબિરમાં લાભ (૬) શિક્ષાપત્રી પૂજનનો લાભ (૭–૮) વાસણા ખાતે ૩૯મા વાર્ષિક પાટોત્સવ તેમજ સંસ્થા દિન ઉપક્રમે ગુરુદેવની પ્રતીક સ્મૃતિ સમી 'સ્તંભ સભા'માં લાભ આપતા ગુરુજી













## દિવ્ય સંત શિબિર : ૨૦૨૬








Ghanshyam, March/April-2026 Published on 10-03-2026. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.






દિવ્ય સંત શિબિર : ૨૦૨૬

